PRNo.: SRT-687/2015-2017
Posted at : SURAT RMS / 2 on Dt.18-06-2017
RNI Regn. No. : GUJ/2006/20048

વિદ્યાર્થીઓનું અખબાર

# શિક્ષણ સર્વદા

## અંકના આકર્ષણ

page > 2
રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ એટલે પ્રવેશનું કાયદેસરનું કૌભાંડ

page > 6
માલીબા સંકુલમાં સ્કુલિંગનો આરંભઃ સુરતની સ્કુલોની પ્રવૃતિઓ

page > 7
રબર ટેક્નોલોજીમાં ૧૦૦ ટકા પ્લેશમેન્ટ છતાં વિદ્યાર્થીઓની છેલ્લી પસંદ

■ પાના : ૦૮ ■ વાર્ષિક લવાજમ રૂા.૫૦૦/- www.shikshansarvada.in • www.jbsurat.in email : shikshansarvada@gmail.com

તંત્રી : જસ્મીન પચ્ચીગર ● ડિરેક્ટર : અશોક રાંદેરીયા ■ સળંગ અંક : ૨૫૫ ■ વર્ષ : ૧૧ ■ તા.૧૬ થી ૩૦, જુન ૨૦૧૭

પ્રેસનોટનું સ્થળ : સાંઇ કોર્પોરેશન, સુબોધ બેકરી સામે, એલ.આઇ.સી. ક્વાટર્સ પાસે, ટીમલીયાવાડ, સુરત. ■ મો : ૯૪૨૬૬-૪૪૯૪૪ ■ ફોન-ફેક્સ : ૦૨૬૧-૨૭૪૭૪૪૦.

### ફી નિયમન વિધેયક અંતર્ગત ૧૧૧૭૪ સ્કૂલોએ ફી કમિટીમાં એફિડેવિટ રજૂ કરી

# રાજયની ૧૧ હજાર સ્કૂલોની ફી નિયમ કરતાં ઓછી, હવે આ બધી સ્કૂલો ફી વધારી દે તેવો ભય!!

રાજય સરકારે ફી નિયમન વિધેયક પસાર કર્યા બાદ સ્કૂલોને કમિટી સમક્ષ એફિડેવિટ અથવા દરખાસ્ત કરવા માટે સૂચના આપી હતી. જેમાં રાજયની ૧૧ હજાર કરતા વધુ સ્કૂલોની ફી સરકારના ધારાધોરણ કરતા ઓછી હોવાથી આવી સ્કૂલોએ કમિટી સમક્ષ એફિડેવિટ રજૂ કરી છે. જયારે ૨૩૮૫ જેટલી સ્કૂલો ફી નિયમન વિધેયકના મુદ્દે કોર્ટમાં ગઈ હોવાનું જાણવા મળે છે. ૨૩૬૩ સ્કૂલોએ જાણે કાયદાને અવગણ્યો હોય તેમ ના તો ફી કમિટીમાં દરખાસ્ત કરી કે ના એફિડેટિવ જમા કરાવી. જયારે રાજયની ૩૨ સ્કૂલો એવી પણ છે કે જેમણે કમિટી સમક્ષ દરખાસ્ત તો કરી દીધી છે પરંતુ સાથો સાથ કોર્ટમાં પણ ગઈ છે. આ મુદ્દે કોર્ટનું કોકડું ઉકેલાયા બાદ સમગ્ર ચિત્ર સ્પષ્ટ થશે તેમ જણાઈ રહ્યું છે. રાજય સરકાર દ્વારા ખાનગી સ્કૂલો દ્વારા લેવામાં આવતી બેફામ ફી પર લગામ કસવા માટે ફી નિયમન વિધેયક પસાર કર્યું હતું. જેમાં રાજયની પ્રાથમિક સ્કૂલોની ફી રૂ. ૧૫ હજાર, માધ્યમિક સ્કૂલોની ફી રૂ. ૨૫ હજાર અને ઉચ્ચતર માધ્યમિક સ્કુલોની ફી રૂ. ૨૭ હજાર નક્કી કરી હતી. આ ફી કરતા વધુ ફી લેવા માંગતી સ્કૂલોએ ફી કમિટી સમક્ષ દરખાસ્ત કરવાની રહેશે તેમ પણ સરકાર દ્વારા જણાવાયું હતું અને તે માટે સ્કૂલોને ૨૪ મે સુધીનો સમય પણ આપ્યો હતો. દરમિયાન રાજયમાં ૧૫૯૨૭ જેટલી ખાનગી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલો આવેલી છે. જેમાંથી ૧૧૧૭૪ જેટલી સ્કૂલોએ સરકાર દ્વારા નક્કી કરેલી સમયમર્યાદામાં કમિટી સમક્ષ એફિડેવિટ જમા કરાવી દીધી હોવાનું જાણવા મળે છે. એટલે કે, આ સ્કૂલોની ફી સરકાર દ્વારા નક્કી કરાયેલા ધોરણ કરતા ઓછી હોવાથી આ સ્કૂલોએ કમિટી સમક્ષ એફિડેવિટ રજૂ કરી છે. જયારે રાજયની માત્ર ૮૪૧ જેટલી સ્કૂલોએ કમિટી સમક્ષ ફી માટે દરખાસ્ત કરી હોવાનું જાણવા મળે છે. રાજયની મોટાભાગની સ્કૂલોએ ફી કમિટી સમક્ષ દરખાસ્ત કરવાના બદલે કોર્ટનું શરણ લેવાનું યોગ્ય માની કોર્ટના દ્વારા ખટખટાવ્યા હતા. જેમાં રાજયની ૨૩૮૫ સ્કૂલો નિયમો અને મુદ્દતને લઈને કોર્ટમાં ગઈ છે. આ સ્કૂલો માટે ૧૫ જૂન સુધી દરખાસ્ત કરવાની મુદ્દત આપવામાં આવી છે. તે પહેલા કોર્ટમાં હિયરીંગ હોઈ કોર્ટના આદેશ અનુસાર ચિત્ર સ્પષ્ટ થશે તેમ જાણવા મળે છે. જયારે રાજયની ૨૩૬૩ સ્કૂલો એવી છે કે જે રાજય સરકારના ફી નિર્ધારણ બિલને માનતી જ ન હોય તેમ તેમણે ફી કમિટીમાં દરખાસ્ત પણ કરી નથી અને એફિડેવિટ પણ જમા કરાવી નથી. જયારે રાજયની ૩૨ સ્કૂલો એવી છે કે જેમણે ફી કમિટી સમક્ષ દરખાસ્ત કરી દીધી છે પરંતુ તે સાથે તેઓ કોર્ટમાં પણ ગઈ છે.

**ખાનગી સ્કૂલોનું સરવૈયું રાજયની ખાનગી સ્કુલોનું સરવૈયુ વિગત સ્કૂલોની સંખ્યા કુલ ખાનગી સ્કૂલ ૧૫૯૨૭ એફિડેવિટ કરનાર સ્કૂલ ૧૧૧૭૪ દરખાસ્ત કરનારી સ્કૂલ ૮૪૧ કોર્ટમાં ગયેલી સ્કૂલ ૨૩૮૫ એફિડેવિટ દરખાસ્ત ન કરનાર સ્કૂલ ૨૩૬૩ દરખાસ્ત કરી કોર્ટમાં ગયેલી સ્કૂલ ૩૨ સ્કૂલો**

# જેઈઈ એડવાન્સઃ ટોપ ૧૦૦માં ગુજરાતના ૫થી વધુ વિદ્યાર્થીઓ

દેશની ૨૩ જેટલી આઇઆઇટી માં પ્રવેશ માટે લેવામાં આવેલી જેઇઇએડવાન્સનું પરિણામ આજે જાહેર કરી દેવામાં આવ્યુ છે. ગુજરાતમાંથી અંદાજે ૧૦ હજાર જેટલા વિદ્યાર્થીઓએ જેઇઇએડવાન્સ આપી હતી. જે પૈકી અંદાજે ૧ હજારથી વધુ વિદ્યાર્થીઓ જેઇઇ એડવાન્સ પાસ કરવામાં સફળ રહ્યા છે. ટોપ ૧૦૦માં અનુક્રમે ૧૨, ૩૭, ૪૨, ૭૯ અને ૮૨માં ક્રમે ગુજરાતના કહી શકાય તેવા ૫ વિદ્યાર્થીઓએ સ્થાન મેળવ્યુ છે. જો કે, પાંચ પૈકી એક અમદાવાદનો અને એક સુરતનો અને બે વડોદરાનો વિદ્યાર્થી છે.

સુરતના વિદ્યાર્થી યતીશ અગ્રવાલે ઓલ ઈન્ડિયામાં ૧૨માં ક્રમે સ્થાન મેળવ્યુ છે. અમદાવાદમાંથી જેઇઇએડવાન્સની તૈયારી કરીને પરીક્ષા આપી હોય તેવો માત્ર એક જ વિદ્યાર્થી છે. જયારે બાકીના વિદ્યાર્થીઓએ કોટામાંથી પરીક્ષા આપી હતી. ગતવર્ષની સરખામણીમાં પરિણામ સારુ હોવાથી કટ ઓફ માર્કસ ઉંચા જવાની શકયતાં છે. અગાઉની પરીક્ષામાં ૯૧ કટ ઓફ માર્કસ હતા. જે ચાલુ વર્ષે ૧૨૮ જેટલા થાય તેવી શકયતાં છે. સમગ્ર દેશમાં સર્વેશ મહેતાણી પ્રથમ રેક પર આવ્યો છે. જયારે ઓલ ઈન્ડિયાના ૧૦માં રેંકમાં લક્ષ્ય શર્માએ સ્થાન મેળવ્યુ છે. ગુજરાતમાંથી કુલ પાંચ વિદ્યાર્થીઓ ટોપ ૧૦૦માં સ્થાન મેળવ્યુ છે. જેઇઇ દ્વાર ૧૮ માર્કસનું ગ્રેસિંગ આપવામાં આવ્યુ હતુ. પરંતુ ગુજરાતના એકપણ વિદ્યાર્થીને આ ગ્રેસિંગનો લાભ મળી શકયો નહોતો. જેઇઇ એડવાન્સની પરીક્ષાનું સંચાલન આઇઆઇટી મદ્રાસ દ્વારા કરાયું હતુ.

૨૧મી મેએ લેવાયેલી પરીક્ષાનું પરિણામ રવિવાર સવારે ૧૦ વાગે જાહેર કરાયું હતુ. કુલ ૧ લાખ ૫૯ હજાર જેટલા વિદ્યાર્થીઓએ એડવાન્સ પરીક્ષા આપી હતી. આજે જાહેર કરાયેલા પરિણામમાં ૫૦ હજાર વિદ્યાર્થીઓને રેંક આપવામાં આવ્યા હતા. ૨૩ આઇઆઇટીમાં અંદાજે ૧૦ હજાર જેટલી બેઠકો ઉપલબ્ધ છે. બાકીના વિદ્યાર્થીઓ જેઇઇએડવાન્સના સ્કોર પર એનઆઇટી, આઇઆઇટીઇ , એનઆઇસી વગેરે જેવી દેશની નામાંકિત ઇન્સ્ટિટયુટમાં પ્રવેશ મેળવતાં હોય છે. જેઇઇમેઇનમાં પ્રથમ સવા બે લાખમાં સમાવેશ થાય તેને એડવાન્સ આપવા તક મળતી હોય છે. આ પ્રમાણે ગુજરાતમાંથી અંદાજે ૧૦ હજાર જેટલા વિદ્યાર્થીઓએ એડવાન્સ પરીક્ષા આપી હતી. પ્રાઇવેટ કોચિંગ કલાસીસમાંથી જ ૨૫૦થી વધુ વિદ્યાર્થીઓ જેઇઇ એડવાન્સ પાસ કરવામાં સફળ રહ્યા છે. જાહેર કરાયેલા પરિણામમાં ટોપ ૧૦૦મા કુલ પાંચ વિદ્યાર્થીઓએ સ્થાન મેળવ્યુ છે. ચાર વિદ્યાર્થીઓ પૈકી એક વિદ્યાર્થી અમદાવાદનો છે જયારે ચાર વિદ્યાર્થીઓ ગુજરાતના પરંતુ કોટામાંથી પરીક્ષા આપી હતી. ઓલ ઈન્ડિયામાં ૩૭,૪૨, ૮૨ અને ૧૨મા ક્રમે સ્થાન મેળવ્યુ છે. ૭૯ ક્રમે પણ વડોદરાના એક વિદ્યાર્થીએ સ્થાન મેળવ્યુ છે. જાહેર થયેલા પરિણામના આધારે હવે આગામી દિવસોમાં મેરિટના આધારે આઇઆઇટીમાં પ્રવેશ માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## ગતવર્ષ કરતાં સારું પરિણામ હોવાથી કટ ઓફ માર્કસ ઉંચા જવાની શકયતા : એડવાન્સમાં રેંક મેળવનારા પૈકી ચાર મુળ ગુજરાતના, પણ પરીક્ષા આપી કોટામાંથી

# LL.B. માં મળનારા પ્રવેશ શરતી હશે

ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી એલએલબીની ૧૨ જેટલી કોલેજોમાં પ્રવેશ માટેની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. જેમાં ચાલુ વર્ષે ૩૦ વર્ષથી ઉપરની ઉમર ધરાવતાં વ્યકિત પૈકી કોઇ એલએલબી કરવા ઈચ્છતાં હોય તેમને શરતી પ્રવેશ આપવાનો નિર્ણય કરાયો છે. એટલે કે આ વિદ્યાર્થીઓને પ્રવેશ આપ્યા બાદ આ પ્રવેશ સુપ્રીમ કોર્ટના ચુકાદાને આધીન રહેશે તેવી સ્પષ્ટતાં પણ કરવામાં આવી છે. એલએલબીમાં પ્રવેશ માટે વયમર્યાદા કેટલી હોવી જોઈએ તે મુદ્દે લાંબા સમયથી વિવાદ ચાલી રહ્યો છે. બાર કાઉન્સિલ દ્વારા એલએલબીમાં પ્રવેશ માટે ૨૮ વર્ષની વયમર્યાદા નક્કી કરવામાં આવી છે. પરંતુ આ નિર્ણય સામે હાલમાં કોર્ટમાં રિટ થઈ છે. સમગ્ર મામલો સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ છે. જેના કારણે યુનિવર્સિટી દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રવેશ પ્રક્રિયામાં એવી સ્પષ્ટતા કરવામાં આવી છે કે, ઓનલાઇન રજિસ્ટ્રેશન કરતાં દરેક વ્યકિત પૈકી જેઓની વયમર્યાદા ૩૦ વર્ષ ઉપર છે તેઓએ એવી બાંયેધરી આપવી પડશે કે મારી ઉમર ૩૦ વર્ષથી વધારે હોવાછતાં પ્રવેશ માટે ફોર્મ ભર્યા છે પરંતુ સુપ્રીમ કોર્ટ દ્વારા જે આખરી ચુકાદો આપવામાં આવશે તેને માન્ય ગણવાનો રહેશે.

જો સુપ્રીમ કોર્ટના આખરી ચુકાદા બાદ પ્રવેશ રદ કરવામાં આવે તો કોલેજ કે યુનિવર્સિટી પર કોઇ દાવો કરવાનો રહેશે નહી તેવી સ્પષ્ટતા પણ કરવાની રહેશે.આમ, હાલની પરિસ્થિતિ પ્રમાણે જ નિર્ણય યથાવત રહે તે ૨૮ વર્ષથી ઉપરની વયમર્યાદા ધરાવતાં કોઇ વ્યકિત એલએલબી કરી શકે તેમ નથી. યુનિવર્સિટી દ્વારા હાલ તમામ વિદ્યાર્થીઓને ફોર્મ ભરવાની મંજુરી આપી છે.

રાજ્યની બધી જ યુનિવર્સિટીઓમાં આ પ્રકારે આ વર્ષે એલએલ.બી.માં પ્રવેશ લેનારા પ્રવેશાર્થીઓએ શરતી પ્રવેશ મેળવવા પડશે કેમકે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડીયાએ ઘડેલો કાયદો સમગ્ર ભારતભરમાં અમલી બનશે અને જ્યારે કોર્ટમાં ફાઈનલ હિયરિંગ થશે ત્યાર પછીની સ્થિતિ તમામ માટે બંધન કર્તા રહેશે.

**વય મર્યાદા અંગેના બાર કાઉન્સિલના નિર્ણય સામે હાલમાં સુપ્રીમ કોર્ટમાં કેસ પેન્ડિંગ**

# ધો૧૦માં સ્કૂલના ૩૦ ગુણ દૂર કરવા આવેદનપત્ર

અમદાવાદ એજયુકેશન ગ્રૂપ દ્વારા ધોરણ૧૦માં સ્કૂલ દ્વારા અપાતા ૩૦ માર્કસનો વિરોધ કરવામાં આવ્યો હતો. જેના ભાગરૂપે જિલ્લા શિક્ષણાધિકારીને આવેદનપત્ર આપી આ માર્ક દૂર કરવા રજૂઆત કરી હતી. આ વખતનું નબળું પરિણામ અને ટ્યુશન પ્રથા વધવાનું એકમાત્ર કારણભૂત પરિબળ હોવાનું જણાવી તેને સત્વરે દુર કરવા માંગણી કરી હતી. અમદાવાદ એજયુકેશન ગ્રૂપ (અ) એ વાલી, વિદ્યાર્થી તથા શિક્ષકોનું એક રજિસ્ટર્ડ સંગઠન છે. અ દ્વારા આજ રોજ જિલ્લા શિક્ષણાધિકારીને આવેદન પત્ર આપવામાં આવેલ હતું. જેમાં ધોરણ૧૦ના માર્કને લઈને રજૂઆત કરાઈ હતી. ધો. ૧૦ ની બોર્ડ એક્ઝામ માત્ર ૭૦ માર્કની લેવાય છે અને બાકીના ૩૦ માર્ક બોર્ડ માર્કશીટમાં શાળા દ્વારા મોકલાવાય છે. આ એક ગંભીર બાબત છે, શાળાના શિક્ષકો અને સંચાલકો સિન્ડિકેટ બનાવીને વાલી અને વિદ્યાર્થીઓને બ્લેકમેલ કરીને ટ્યુશન રાખવા દબાણ કરે છે અને જો ટ્યુશનનાં રાખે તો બોર્ડમાં મોકલવાના ઈન્ટર્નલ માર્કસમાં ફેલ કરવાની ધમકી અપાય છે. તાજેતરમાં એવા દાખલા સામે આવ્યા છે કે વિષયની પરીક્ષામા ૭૦માંથી ૭૦ માર્કસ હોય અને ઈન્ટર્નલમાં વિદ્યાર્થી ફેલ હોય.

# RTE ગુજરાતની શાળાઓમાં પ્રવેશનું કાયદેસરનું કૌભાંડ

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ જ્યારે બન્યો ત્યારે એ બનાવનારાઓને સ્વપ્રેય ખ્યાલ નહીં હોય કે ૬થી ૧૪ વર્ષના દરેક ભારતીય બાળકને ભણવાનો અધિકાર આપતા આ કાયદાની આડમાં કરોડપતિઓ તેમના સંતાનોને પ્રવેશ અપાવશે. કરોડપતિ પરિવારોએ સરકારી કચેરીઓ તેમજ શિક્ષણ કચેરીઓને ખાઉધરા કર્મચારીઓની સાથે સાંઠગાંઠ રચીને બેસ્ટ સ્કુલોમાં પોતાના સંતાનોને ગરીબોની બેઠકો પર પ્રવેશ અપાવ્યા હોવાની વિગતો જ્યારે બહાર આવી ત્યારે ખુદ સરકાર પણ ચોંકી ઉઠી છે. રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અન્વયે લેવાયેલા ૭૫ ટકા પ્રવેશો ખોટી રીતે લેવાયા હોવાનું પ્રતીત થઈ રહ્યું છે. ૬૦-૬૫ હજારની વાર્ષિક આવક ધરાવતા પરિવારોના બાળકોને જ આર.ટી.ઈ. અન્વયે પ્રવેશ મળી શકે. ગુજરાતના મહાનગરોની વાત કરીએ તો એવા લોકો ભાગ્યે જ મળી આવે કે જેની આવક સવાથી દોઢ લાખ રૂપિયા ન હોય. મહિને ૧૦ હજારથી ૧૫ હજારની આવક તો સામાન્ય રિક્ષા ચાલકો રળી લેતા હોય ત્યારે અને મહાનગરોમાં રોજગારીનો આંક ઉંચો હોય, સામાન્ય પરચૂરણ કામ કરતા મજૂરો જો દૈનિક રૂ.૩૦૦નું વેતન માંગતા હોય ત્યારે ૬૦-૬૫ હજારની વાર્ષિક આવક એટલે મહિને રૂ.૫ હજારનો પગારવાળા પરિવારો કોણ હશે અને હકીકત એ છે કે આટલી ઓછી આવક ધરાવતા પરિવારો કદાચ તેમના સંતાનોને ભણાવતા પણ નહીં હશે પછી બેસ્ટ સ્કુલમાં એડમિશન લેવાની વાત તો દૂર જ રહી ને.

આ વર્ષે રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અન્વયે સુરત શહેરમાં તો વાલીઓએ રીતસર ખોટેખોટા અને ઉપજાવી કાઢેલા ડોક્યુમેન્ટના આધારે પ્રવેશો મેળવ્યા. શરીર પર ૧૫ તોલાથી ૫૦ તોલા સોનું પહેરીને ગરીબોની સીટો પર પ્રવેશ લેવા દોડી ગયેલા વાલીઓને જોઈને ખુદ શાળા સંચાલકો પણ દ્વિધા અનુભવી રહ્યા હતા કે મહિને પાંચ હજાર રૂપિયાનું લાઈટ બિલ ભરતો વાલી ગરીબ હશે? બબ્બે મોબાઈલ અને કાર લઈને પ્રવેશ લેવા આવતો વાલી સાચે જ ગરીબ હોય? ૭૫ લાખથી સવા કરોડના ફ્લેટમાં કે બે કરોડથી ૩ કરોડની બજાર કિંમત ધરાવતા બંગલાના માલિકોની આવક વર્ષે ફક્ત ૬૦ હજાર રૂપિયા હશે? આવા પ્રશ્નોનો ઉકેલ ત્યારે મળ્યો જ્યારે સુરતના શિક્ષણાધિકારી ડો.યુ.એન. રાઠોડ અને કલેક્ટર મહેન્દ્રભાઈ પટેલે દરમિયાનગીરી કરીને આર.ટી.ઈ. અન્વયે ખોટી રીતે મેળવાયેલા પ્રવેશોને રદ કરીને ખોટા ડોક્યુમેન્ટસ બનાવનારાઓ સામે પગલાં ભરવાનો પરિપત્ર જારી કર્યો ત્યારે સમગ્ર મામલો બહાર આવ્યો અને વાલીઓમાં ભારે દોડધામ મચી ગઈ હતી છે કે તપાસ થશે તો ફોજદારી રાહે પગલાં ભરાશે અને એ ટાળવા માટે મોટા ભાગના પ્રવેશાર્થીઓએ પ્રવેશ કેન્સલ કરાવવા માંડ્યા છે.

## આરટીઈમાં ખોટા પુરાવાના આધારે પ્રવેશમાં ગોઠવણ !

રાજયમાં રાઈટ ટુ એજયુકેશન એક્ટ અંતર્ગત ધોરણ૧માં વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવાની કાર્યવાહી ઓનલાઈન હાથ ધરાયા બાદ ઘણા વાલીઓએ ખોટા પુરાવા તથા પ્રમાણપત્રોના આધારે આરટીઈમાં પ્રવેશ લીધા હોવાની વિગતો પ્રકાશમાં આવી હતી. જેના પગલે હવે પ્રાથમિક શિક્ષણ નિયામક દ્વારા રાજયના તમામ ડીઈઓ અને ડીપીઈઓને પરિપત્ર કરી આરટીઈમાં તમામ વિદ્યાર્થીઓની વિગતોની ચકાસણી કરવા માટે આદેશ આપ્યો છે. ચકાસણી માટે વિવિધ ૧૦ જેટલા મુદ્દા આપ્યા છે, જેમાં મકાનની વિગત, ઘરમાં ફ્રીઝ, એસી છે કે કેમ તેમજ લાઈટ બિલ, મોબાઈલ બિલ કેટલું આવે છે તે બાબતોની ચકાસણી હાથ ધરવાનો નિર્ણય લેવાયો છે. રાજયની ખાનગી સ્કૂલોમાં ગરીબ વિદ્યાર્થીઓને પ્રવેશ મળી રહે તે માટે આરટીઈ એક્ટ અંતર્ગત ખાનગી સ્કૂલોમાં ધોરણ૧ના વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો હતો. આ વર્ષે આરટીઈની પ્રવેશ કાર્યવાહી ઓનલાઈન કરવામાં આવી હતી અને રાજયના ૬૪ હજાર જેટલા વિદ્યાર્થીઓને કાયમી પ્રવેશ ફાળવવામાં આવ્યા હતા. કાયમી પ્રવેશ ફાળવવાની કાર્યવાહી બાદ વાલીઓએ તેમના બાળકોના પ્રવેશ જે તે સ્કૂલોમાં કન્ફર્મ કરાવ્યા હતા.

દરમિયાન પ્રવેશ કન્ફર્મ કરાવ્યાની કાર્યવાહી દરમિયાન રાજયના શિક્ષણ વિભાગ સમક્ષ આરટીઈ અંતર્ગત ખોટા પુરાવા અને પ્રમાણપત્રોના આધારે વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યા હોવાની ફરિયાદો મળી હતી. જેના પગલે ખરેખર આરટીઈ એક્ટ અંતર્ગત જે વિદ્યાર્થીઓને પ્રવેશ મળવો જોઈએ તેઓને પ્રવેશ મળતો નથી. જેથી આરટીઈ એક્ટ અંતર્ગત ચાલુ વર્ષે જે વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યા છે તેમની ચકાસણી કરવા માટે પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરી દ્વારા ડીઈઓડીપીઈઓને આદેશ આપવામાં આવ્યો છે. જિલ્લામાં આરટીઈ એક્ટ અંતર્ગત થયેલા પ્રવેશની




ચકાસણી માટે કેળવણી નિરીક્ષક, હેડ ટીચર, માધ્યમિક શાળાના આચાર્ય તથા કારકુન વગેરે કર્મચારીઓની ટીમ બનાવવાની રહેશે. દરેક ટીમમાં બેબે સભ્યો રાખવાના રહેશે અને ૩૧ જૂલાઈ સુધીમાં જિલ્લાના તમામ બાળકોની ચકાસણી પૂર્ણ થાય તે રીતે જિલ્લા કક્ષાએથી પુરતી સંખ્યામાં ટીમોની રચના કરવાની રહેશે. ચકાસણી દરમિયાન વિદ્યાર્થીના ઘરે જઈને તથા જરૂર જણાય તો સ્કૂલમાં જઈને આધાર પુરાવાની ચકાસણી કરવાની રહેશે. ખોટા પુરાવા બદલ વાલીઅધિકારી સામે પોલીસ કેસ થશે આરટીઈ એક્ટ અંતર્ગત ધોરણ૧માં પ્રવેશ કાર્યવાહીમાં ખોટા પુરાવા પ્રમાણપત્રના આધારે પ્રવેશ લીધો હોવાનું ચકાસણી દરમિયાન બહાર આવશે તો આવા બાળકોના આરટીઈ એક્ટ અંતર્ગતના પ્રવેશ રદ કરવામાં આવશે. ઉપરાંત વાલી સામે પોલીસ કેસ પણ કરવાનો નિર્ણય લેવાયો છે. જયારે આવકનો ખોટો દાખલો આપનાર કે ખોટી કેટેગરીનો દાખલો આપનાર અધિકારીનો પણ પોલીસ કેસમાં સમાવેશ કરવાનો રહેશે તેવી સ્પષ્ટ સુચના આપવામાં આવી છે. આમ, તપાસના અંતે અનેક વાલી અને અધિકારીઓ પોલીસના સાણસમાં સપડાશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

**કયા મુદ્દાઓની ચકાસણી કરાશે ?**

**૧. વિદ્યાર્થીનું સરનામું**
**૨. વાલીના મકાનની વિગત**
**૩. મકાનમાં કઈ કઈ સુવિધા છે, એસી, ફ્રીઝ, ટીવી વગેરે**
**૪. લાઈટ બિલ, મોબાઈલ બિલ અને ટેલિફોન બિલની વિગત**
**૫. ઘરના અન્ય બાળકો કઈ સ્કૂલમાં ભણે છે અને તેની ફી કેટલી છે**
**૬. વાલીનો વ્યવસાય અને પગારની વિગતો**
**૭. વાલીના ઈન્કમટેક્સ રિટર્નની વિગત**
**૮. આવકનો દાખલો કઈ કચેરીનો છે, અધિકારનું નામસરનામું**
**૯. બીપીએલ કાર્ડ હોય તો કાર્ડનો નંબર**
**૧૦. અન્ય મહત્વના લાગતા મુદ્દા**

ગતવર્ષે લાઈટ બિલથી પોલ ખુલી હતી રાજયમાં ગતવર્ષે આરટીઈની પ્રવેશ કાર્યવાહી મેન્યુઅલી કરવામાં આવી હતી. જેમાં અમદાવાદ જિલ્લામાં પણ અનેક વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યા હતા. પરંતુ તે વિદ્યાર્થીઓ સ્કૂલ પર પ્રવેશ લેવા માટે ગયા ત્યારે વાલીઓ પાસે લાઈટ બિલની વિગતો મંગાવવામાં આવી હતી. જેમાં અનેક વાલીઓના માસિક લાઈટબિલ રૂ. ૫ હજાર આવતા હોવા છતાં તેમને આરટીઈમાં પ્રવેશ ફાળવાયા હતા. જેથી આવા પ્રવેશ રદ કરવાની કાર્યવાહી કરાઈ હતી.

## શિક્ષણ વિભાગે પોલીસ ફરિયાદની ચીમકી આપતાં વાલીઓ ફફડી ઉઠ્યા

## RTEમાં ખોટી રીતે લીધેલા પ્રવેશ રદ કરાવવા માટે વાલીઓની દોડધામ

સ્કૂલ પસંદ નથીતેમ કહી કેટલાક વાલીઓએ પોતાના સંતાનોના પ્રવેશ રદ કરાવ્યા : રાઈટ ટુ એજયુકેશન (આરટીઈ) અંતર્ગત અનેક વાલીઓએ પોતાના સંતાનોને બોગસ પ્રવેશ અપાવ્યા હોવાની માહિતીના આધારે ડીઈઓ કચેરી દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. જેમાં ખોટા પુરાવા ભા કરનારા વાલીઓ અને પુરાવા બનાવનાર અધિકારીઓને જેલના સળીયા પાછળ ધકેલવાની કાર્યવાહીની ચીમકીના પગલે બોગસ પ્રવેશ અપાવનારા વાલીઓ પ્રવેશ રદ કરાવવા માટે દોડધામ કરી રહ્યા છે.

ઘણા વાલીઓએ સ્કૂલમાં જઈને સામેથી તેમના બાળકનું આરટીઈ એક્ટ અંતર્ગત થયેલો પ્રવેશ રદ કરવા જણાવ્યું હતું. આરટીઈ એક્ટ અંતર્ગત આ વખતે ઓનલાઈન પ્રવેશ ફાળવવાનું નક્કી કરાયું હતું. જેમાં વાલીઓએ વિદ્યાર્થીઓના પ્રવેશ માટે ઓનલાઈન ફોર્મ ભર્યા હતા અને તેમને ઓનલાઈન પ્રવેશ ફાળવવામાં આવ્યો હતો. જોકે, ઓનલાઈન પ્રવેશ ફાળવવામાં આવ્યા બાદ વાલીઓ પ્રવેશ કન્ફર્મ કરાવવા માટે સ્કૂલોમાં ગયા હતા. જેમાં ઘણા વાલીઓના બાળકો છઝ એક્ટ અંતર્ગત પ્રવેશ માટે લાયક ન હોવા છતાં તેમને પ્રવેશ મળી ગયું હોવાનું બહાર આવ્યું હતું. ઘણા કિસ્સામાં વાલીઓએ ખોટા પુરાવા ઉભા કરી તેમના બાળકોના સારી ગણાતી સ્કૂલોમાં પ્રવેશ મેળવ્યા હોવાનું પણ બહાર આવ્યું હતું.

રાજયના શિક્ષણ વિભાગ સુધી આરટીઈમાં ખોટા પુરાવાના આધારે પ્રવેશ ફાળવવામાં આવ્યા હોવાની ફરિયાદ પહોંચતા પ્રાથમિક શિક્ષણ નિયામક દ્વારા તાત્કાલીક તમામ ડીઈઓને પરિપત્ર કરી છઝમાં ફાળવેલા તમામ બાળકોના પ્રવેશની ચકાસણીનો આદેશ આપ્યો હતો.જેનો અહેવાલ ૩૦મી સુધીમાં આપવા માટે આદેશ કરાયો છે. જેથી ૩૦ જૂન પછી ખરેખર કેટલા વિદ્યાર્થીઓએ બોગસ પ્રવેશ લીધા છે તે બહાર આવશે.

દરમિયાન શિક્ષણ વિભાગ દ્વારા તપાસ માટે આદેશ આપ્યા છે તેમાં ખોટા પુરાવાના આધારે પ્રવેશ મેળવ્યો હોય તો તેવા વાલીઓ સામે પોલીસ ફરિયાદ કરવાની સુચના આપી છે. ઉપરાંત ખોટા પુરાવા બનાવનાર અધિકારીઓ સામે પણ કાયદાકીય કાર્યવાહી કરવાનો આદેશ કરતા વાલીઓમાં ભય ફેલાયો છે. આ ભયના પગલે વાલીઓ સ્કૂલો પર જઈ છઝના પ્રવેશ રદ કરાવવા માટે દોડધામ કરતા નજરે પડતા હોવાનું જાણવા મળે છે. ઘણા કિસ્સામાં તો વાલીઓએ પોતાને સ્કૂલ પસંદ નથી તેમ જણાવી પ્રવેશ રદ કરાવી દીધા છે. આ અંગે વરાછા રોડ વિસ્તારમાં આવેલી એક સ્કૂલના આચાર્યએ જણાવ્યું હતું કે, અમારી સ્કૂલમાં પણ બે-ત્રણ વાલીઓ પ્રવેશ રદ કરવા અંગેની તપાસ કરવા આવ્યા હતા. ઉપરાંત અમારા વિસ્તારમાં આવેલી અન્ય બેત્રાણ સ્કૂલમાં થયેલા આરટીઈના પ્રવેશ પૈકી એક-બે વાલીઓ પ્રવેશ રદ કરાવી ગયા છે. વાલીઓ આરટીઈમાં પ્રવેશ લેવા આવે ત્યારે પહેલી નજરમાં જ તેઓ આરટીઈને લાયક ન હોવાનું જણાઈ આવતું હતું. પરંતુ તેમની પાસે પ્રવેશનો ઓર્ડર હોવાથી તેમને પ્રવેશ ફાળવવામાં આવ્યા હતા. હજુ આ મહિનાના અંતમાં એ બાબતની ખબર પડી જશે કે કેટલા પ્રવેશ રદ થઈ જશે.

# યુજીસી દ્વારા નવા નિયમની તૈયારી નેટસ્લેટ પાસ હશે તો પી.એચડી.માં પ્રવેશ

## અભિપ્રાયોનો સ્વીકાર થાય તો ચાલુ વર્ષથી કેટેગરી ૩ની યુનિ.ઓમાં નિયમ લાગુ કરાશે

ગુજરાતની જુદી જુદી યુનિવર્સિટીઓમાં પીએચડી કરવા ઈચ્છતાં વિદ્યાર્થીઓએ હાલ એન્ટ્રન્સ ટેસ્ટ આપવી પડી છે. આ ટેસ્ટ પાસ કર્યા પછી જ વિદ્યાર્થીઓને મેરીટના આધારે પીએચડીમાં પ્રવેશ ફાળવવામાં આવે છે. હાલમાં યુનિવર્સિટી ગ્રાન્ટ કમીશન (યુજીસી) દ્વારા ચાર નવા રેગ્યુલેશન લાવવાની તૈયારી શરૂ કરવામાં આવી છે. ચાર રેગ્યુલેશન પૈકી એકમાં એવી જોગવાઈ કરવામાં આવી છે કે, જે વિદ્યાર્થીઓ નેટ અને સ્લેટ પાસ થયા હોય તેમને જ પીએચડીમાં પ્રવેશ ફાળવવો. જો આ જોગવાઈનો અમલ કરવામાં આવે તો દરેક યુનિવર્સિટીઓમાં પીએચડી કરનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં ધરખમ ઘટાડો નોંધાય તેવી પણ શકયતાં છે.

યુનિવર્સિટી ગ્રાન્ટ કમીશન (યુજીસી) દ્વારા છેલ્લા કેટલાય વર્ષોથી જુદી જુદી યુનિવર્સિટીઓનું શિક્ષણનું સ્તર સુધારવા માટેના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આમછતાં કેટલીક યુનિવર્સિટીઓમાં સ્તર સતત કથળી રહ્યું છે. ગુજરાત યુનિવર્સિટી સહીત દરેક યુનિવર્સિટીઓમાં અત્યાર સુધી પીએચડીમાં ગમે તેને પ્રવેશ ફાળવી આપવામાં આવતો હતો. એટલુ જ નહી જે તે ઉમેદવાર ગમે તે વિષય લઈને બારોબાર થિસીસ તૈયાર કરાવીને પીએચડીની ડિગ્રી પણ મેળવી લેતાં હતા. ગુજરાત યુનિવર્સિટીમાં હાલમાં કેટલાક સિન્ડિકેટ સભ્યો એવા છે કે જેઓને અંગ્રેજીમાં પીએચડીનો સ્પેલિંગ પણ લખવામાં આવતો નથી છતાં પીએચડી થઈ ચુક્યા છે. છેલ્લા કેટલાક વર્ષોથી પીએચડીમાં પ્રવેશ માટે એન્ટ્રન્સ ટેસ્ટ દાખલ કરવા છતાં પરીક્ષામાં ચોક્કસ વ્યકિતઓને પાસ કરીને પીએચડીમાં પ્રવેશ આપવાનું વ્યવસ્થિત કૌભાંડ ચાલી રહ્યું છે.

# નવી મેડિકલ પ્રવેશ સમિતિ રચાઈ: ૧૧ સભ્યોની નિમણૂક

મેડિકલપેરા મેડિકલમાં પ્રવેશ માટે આખરે પ્રવેશ સમિતિની રચના કરવાની જાહેરાત કરી દેવામાં આવી છે. પ્રવેશ પ્રક્રિયા ગાંધીનગર હેડ કવાર્ટસથી જ થશે અને આરોગ્ય વિભાગના કમિશનર પ્રવેશ સમિતિના ચેરમેન તરીકે રહેશે. અત્યાર સુધી બી.જે. મેડિકલ કોલેજના ડીન ને મેમ્બર સેક્રેટરી તરીકે નિયુક્ત કરાતાં હતા. આ વખતે નાયબ નિયામક તબીબી શિક્ષણને મેમ્બર સેક્રેટરી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આમ, છેલ્લા કેટલાય વર્ષોથી મેડિકલ પ્રવેશ સમિતિના મેમ્બર સેક્રેટરીનો ચાર્જ સંભાળતા બી.જે.મેડિકલ કોલેજના ડીન ડો. ભરત શાહ સહિત તમામની સંપૂર્ણ પ્રવેશ પ્રક્રિયામાંથી બાદબાકી કરી દેવાઈ છે. છેલ્લા કેટલાય વર્ષોથી મેડિકલપેરા મેડિકલની પ્રવેશ પ્રક્રિયા બી.જે.મેડિકલ કોલેજમાંથી થતી હતી. પરંતુ ગતવર્ષે પ્રવેશ પ્રક્રિયામાં થયેલા વિવાદ અને મેમ્બર સેક્રેટરીની વિવાદસ્પદ ભૂમિકાના કારણે ચાલુ વર્ષે સૌથી પહેલા પી.જી.મેડિકલની પ્રવેશ પ્રક્રિયા સરકારે પોતાના હસ્તક લીધી હતી.

હવે યુ.જી. મેડિકલ પેરા મેડિકલની પ્રવેશ પ્રક્રિયા પણ સરકારે પોતાના હસ્તક લઈને બી.જે.મેડિકલ કોલેજના તમામ સભ્યોને બાદબાકી કરી દીધી છે. ચાલુ વર્ષે પ્રવેશ સમિતિની જાહેરાત કરી દેવામાં આવી છે. જેમાં કુલ ૧૧ સભ્યોની નિમણૂક કરવામાં આવી છે. સરકારી ડેન્ટલ કોલેજના ડીનને સભ્ય તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે પરંતુ બી.જે.મેડિકલના એકપણ ડોકટરને સભ્ય તરીકે પણ નિમણૂક આપવામાં આવી નથી. સૂત્રો કહે છે કિડની ટ્રાન્સપ્લાન્ટ યુનિવર્સિટીની મંજૂરી રદ થાય તેવા હીન પ્રયાસો બી.જે.મેડિકલ કોલેજના ડીન દ્વારા કરવામાં આવ્યા હોવાની વિગતો બહાર આવી હતી. ઉપરાંત પ્રવેશ સમિતિના અન્ય સભ્યો ભેદી કામ કરતાં હોય તે પ્રમાણે કાર્યવાહી ચલાવતાં હોવાની ફરિયાદો ઉઠી હતી.

## રાજયના શિક્ષણમંત્રીના અધ્યક્ષસ્થાને શૈક્ષણિક સંઘ સંકલન સમિતિની બેઠક યોજાઈ

# રાજયની ગ્રાન્ટેડ સ્કૂલોના કર્મચારીઓને સાતમા પગારપંચનો નિર્ણય ટૂંકમાં

રાજયમાં આવેલી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોના એક લાખ જેટલા કર્મચારીઓના સાતમા પગારપંચનો મુદ્દો હવે ગણતરીના દિવસોમાં ઉકેલાઈ જાય તેવી શક્યતા ઉભી થઈ છે. ગુજરાત રાજય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિની રાજયના શિક્ષણમંત્રીની અધ્યક્ષસ્થાને બેઠક મળી હતી. જેમાં આગામી ૨૧ દિવસમાં આ અંગેનું જાહેરનામું બહાર પડી જશે તે અંગેની ખાતરી અપાઈ હતી. ઉપરાંત ફી વિકલ્પવાળી શાળાઓમાં નવી ફી નીતિ અને મોંઘવારી આધારિત ગ્રાન્ટ નીતિ અંગે પણ સત્વરે જાહેરાત કરવાનું નક્કી કરાયું છે. ગુજરાત રાજય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિના પદાધિકારીઓની બેઠક રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તથા વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે મળી હતી. જેમાં અનેક મુદ્દાઓ પર ચર્ચા કરી નિર્ણય લેવામાં આવ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

શિક્ષકોના સૌથી મહત્વના પગારપંચના મુદ્દે બેઠકમાં ચર્ચા થઈ હતી. જેમાં સાતમા પગારપંચ અંગેની માહિતી તમામ ડીઈઓ પાસેથી શાળા નિયામકની કચેરીમાં આવી ગઈ છે. આ માહીતી શિક્ષણ વિભાગમાં મોકલવામાં આવશે અને શિક્ષણ વિભાગ એક સપ્તાહમાં નાણા વિભાગને મોકલી અપાશે. નાણા વિભાગ વધુમાં વધુ ૧૫ દિવસમાં કામગીરી પૂર્ણ કરી ગ્રાન્ટેડ શાળાના એક લાખથી વધુ કર્મચારીઓને સાતમા પગારપંચ આપવા અંગે સત્તાવાર જાહેરાત કરશે. ઉપરાંત ગ્રાન્ટેડ શાળાના એક લાખથી વધુ કર્મચારીઓને ટ્રાન્સપોર્ટ એલાઉન્ટ આપવા અંગે શિક્ષણ વિભાગ અને નાણા વિભાગની સંયુક્ત મિટીંગ ટૂંક સમયમાં બોલાવી તેની મંજૂરી અંગેની કાર્યવાહી કરાશે. ૨૦૦૬થી ફિક્સ પગારમાં વધારો કરાયો છે તેની દરખાસ્ત અને ૧૯૯૯થી તેના અમલ અંગેની દરખાસ્ત નાણા વિભાગમાં મોકલી આપેલી છે તેની મંજૂરી અર્થે ઝડપથી કાર્યવાહી કરવાનું બેઠકમાં નક્કી કરાયું છે. ૫૦૦૦થી વધુ કર્મચારીઓના હજુ સીપીએફના ખાતા ખોલવામાં આવ્યા નથી, જેથી આ ખાતા વહેલી તકે ખોલવામાં આવે તે મુજબની કાર્યવાહી કરવાનું પણ બેઠકમાં નક્કી થયું છે. સરાસરી હાજરી માટેનો જે એક વર્ષનો ઠરાવ કરવામાં આવેલો છે તે ધોરણ૧૦ અને ધોરણ૧૨માં તેની તે જ સંખ્યા ચાલુ રાખવા અંગેનો ઠરાવ ટૂંક સમયમાં બહાર પડાશે. ધોરણ૯થી૧૦ની એક વર્ગની શાળામાં ૩ શિક્ષક ઉપરાંત એક આચાર્ય આપવા અંગેની કાર્યવાહી હાથ ધરાશે. બેઠક અંગે સંકલન સમિતિના ઉપપ્રમુખ પંકજ પટેલે જણાવ્યું હતું કે, ધોરણ૧૧ અને ૧૨માં એક વર્ગની શાળા હોય ત્યાં આર્ટસ અને કોમર્સ બંને પ્રવાહ ચાલતા હોય ત્યાં ૫ શિક્ષકો અને ૧ ઉદ્યોગ શિક્ષક આપવાની જોગવાઈની સ્પષ્ટતા કરાશે. ફી વિકલ્પવાળી શાળાઓમાં નવી ફી નીતિ અને મોંઘવારી આધારિત ગ્રાન્ટ નીતિ અંગે સત્વરે જાહેરાત કરવાનું પણ બેઠકમાં નક્કી કરવામાં આવ્યું છે. ૨૦૧૬ પછી મૃત્યુ પામેલા શિક્ષકને ૮ લાખ રૂપિયા રહેમરાહે નોકરીનું વળતર મળે તે અંગે સરકારી ઠરાવનો લાભ ગ્રાન્ટેડ શાળાના કર્મચારીઓને મળે તે માટે દરખાસ્ત મોકલી અપાશે.

# UPSCમાં સ્પીપામાંથી ૩ યુવતી સહિત ૧૪ ઉમેદવારો પાસ થયા

યુપીએસસી દ્વારા ડિસેમ્બરમાં લેવાયેલી સિવિલ સર્વિસીસ માટેની પરીક્ષાનું ફાઈનલ પરિણામ જાહેર કરી દેવામાં આવ્યુ છે. સમગ્ર દેશમાંથી અંદાજે ૧૦૯૯ ઉમેદવારો યુપીએસસી પાસ કરવામાં સફળ રહ્યા છે. જેમાં ગુજરાતના અંદાજે ૧૪ ઉમેદવારો પાસ થયા છે. નંદીની કે.આર.નામની વિદ્યાર્થિની યુપીએસસીમાં પ્રથમક્રમે આવી છે. ગુજરાતમાં સ્પીપામાંથી પાસ થનારા ૧૪ ઉમેદવારો પૈકી એક ઉમેદવાર અભિષેક મિશ્રાએ પાંચમાક્રમે સ્થાન મેળવ્યુ છે. જે ૧૪ ઉમેદવારો પાસ થયા તેમાં ૩ મહિલા ઉમેદવારોનો પણ સમાવેશ થાય છે. યુપીએસસી દ્વારા આઈએએસ, આઈએફએસ, આઈપીએસ અને સેન્ટ્રલ સર્વિસ ગ્રુપ એ અને બી માટે વર્ષ ૨૦૧૬માં પરીક્ષા લેવામાં આવી હતી. આ પરીક્ષા પાસ કરનારા ઉમેદવારોના પર્સનલ ઈન્ટરવ્યુ અને પર્સનાલીટી ટેસ્ટ માર્ચથી લઈને મે માસ સુધીમાં લેવામાં આવી હતી. જેના આધારે ૧૦૯૯ ઉમેદવારોને પાસ જાહેર કરવામાં આવ્યા છે. જેમાં જનરલ કેટેગરીના ૫૦૦, ઓબીસીના ૩૪૭ એસ.સી. કેટેગરીના ૧૬૩, એસ.ટી. કેટેગરીની ૮૯ ઉમેદવારોનો સમાવેશ થાય છે. સિવિલ સર્વિસીસની કુલ ૧૨૦૯ જેટલી જગ્યાઓ ખાલી પડી છે. જેમાં આઈએએસની ૧૮૦, આઈએફએસની ૪૫, આઈપીએસની ૧૫૦ સેન્ટ્રલ સર્વિસ ગ્રુપ એમાં ૬૦૩, ગ્રુપ બીની ૨૩૧ મળી કુલ ૧૨૦૯ બેઠકો માટે આ પરીક્ષાનું પરિણામ જાહેર કરાયું છે. ગુજરાતમાં સ્પીપામાંથી ૧૪ ઉમેદવારો યુપીએસસી પાસ કરવામાં સફળ રહ્યા છે. જેમાં ૧૧ પુરુષ ઉમેદવાર અને ૩ મહિલા ઉમેદવારનો સમાવેશ થાય છે. પાંચમાં ક્રમે આવેલા અભિષેક મિશ્રાએ સ્પીપામાંથી પરીક્ષાની આખરી તૈયારી કરી હતી. સ્પીપામાંથી ઉત્તીર્ણ ઉમેદવારો (૧) અભિષેક મિશ્રા (૨) મિરાંત પરીખ (૩) પદ્મિની સોલંકી (૪) નિપુન અગ્રવાલ (૫) સુશીલ અગ્રવાલ (૬) તોરલ પાનસુરિયા (૭) અક્ષર ગોદાની (૮) પારિતોષ વ્યાસ (૯) કલ્પેશ કવાડ (૧૦) અમિષા (૧૧) ચિરાગ જહીરવાલ (૧૨) પ્રિયાંક ગલચર (૧૩) રાકેશ તિવારી (૧૪) સંદિપ મોરડીયા

# બોર્ડની જુદી જુદી પરીક્ષામાં નાપાસ થયેલા૧.૬૫ લાખ વિદ્યાર્થીઓની જુલાઈમાં પૂરક પરીક્ષા

## ધો૧૦ના ૮૦ હજાર, ધો૧૨ સા.પ્ર.ના ૫૮ હજાર, સાયન્સમાં ૨૫ હજાર છાત્રો નાપાસ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ માસમાં લેવામાં આવેલી ધોરણ૧૦, ધોરણ૧૨ સામાન્ય પ્રવાહ અને સાયન્સ ચોથા સેમેસ્ટરનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં ઘણા વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. જોકે, નાપાસ થયેલા કુલ વિદ્યાર્થીઓ પૈકી ૧.૬૫ લાખ જેટલા વિદ્યાર્થીઓ આગામી જુલાઈ માસમાં પૂરક પરીક્ષા આપી પોતાનું વર્ષ બચાવી શકશે. બોર્ડ દ્વારા ધોરણ૧૦માં બે વિષયમાં, ધોરણ૧૨ સામાન્ય પ્રવાહમાં એક વિષયમાં અને સાયન્સ ચોથા સેમેસ્ટરમાં ગમે તેટલા વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષામાં ઉપસ્થિત રહી શકે છે. બોર્ડ દ્વારા ૮ જુલાઈથી પૂરક પરીક્ષા લેવાનું આયોજન કરાયું છે. શિક્ષણ બોર્ડ દ્વારા તાજેતરમાં ધોરણ૧૨ સામાન્ય પ્રવાહ, ધોરણ૧૦ અને સાયન્સ ચોથા સેમેસ્ટરનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં અનેક વિદ્યાર્થીઓ નાપાસ થયા હતા. જોકે, નાપાસ થયેલા વિદ્યાર્થીઓ પૈકી અમુક વિદ્યાર્થીઓને પોતાનું વર્ષ બચાવવાની તક મળી રહે તે માટે બોર્ડ દ્વારા જુલાઈ માસમાં પૂરક પરીક્ષા લેવામાં આવી છે. પૂરક પરીક્ષામાં આ વખતે ૧.૬૫ લાખ કરતા વધુ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેનાર હોવાનું જાણવા મળે છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે ધોરણ૧૦માં એક અથવા બે વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષામાં ઉપસ્થિત રહી શકે છે. જેથી ધોરણ૧૦માં એક વિષયમાં ૨૧૩૧૯ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે, જયારે બે વિષયમાં ૫૯૬૭૧ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. આમ ધોરણ૧૦ના ૮૦૯૯૦ વિદ્યાર્થીઓ ધોરણ૧૦ની પૂરક પરીક્ષામાં ઉપસ્થિત રહેશે. જયારે ધોરણ૧૨ સામાન્ય પ્રવાહમાં એક વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ જ પૂરક પરીક્ષામાં ઉપસ્થિત રહી શકતા હોવાથી સામાન્ય પ્રવાહના ૫૮૯૬૧ વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષામાં ઉપસ્થિત રહી શકશે. જયારે સાયન્સ ચોથા સેમેસ્ટરમાં ગમે તેટલા વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા આપી શકે તેમ હોવાથી તેવા ૨૫૧૨૯ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહી શકશે. આમ, કુલ ૧૬૫૦૮૦ વિદ્યાર્થીઓ બોર્ડની પૂરક પરીક્ષામાં ઉપસ્થિત રહી શકશે. ૮મી જુલાઈથી પૂરક પરીક્ષા શરૂ થશે... ધોરણ૧૦ની પૂરક પરીક્ષા ૮ જુલાઈથી શરૂ થશે અને ૧૧ જુલાઈના રોજ પૂર્ણ થશે. ધોરણ૧૦ની પૂરક પરીક્ષા બે તબક્કામાં લેવાશે, જેમાં સવારે એક પેપર અને બપોરે એક પેપર લેવાશે. ધોરણ૧૨ સામાન્ય પ્રવાહની પૂરક પરીક્ષા ૯ જુલાઈના રોજ લેવામાં આવશે. સામાન્ય પ્રવાહમાં એક જ વિષયની પૂરક પરીક્ષા લેવાતી હોઈ તમામ વિદ્યાર્થીઓની પરીક્ષા એક સાથે જ લેવાશે.

# B.E. માં પ્રવેશ પ્રક્રિયા પહેલાં જ ૨૫ હજાર બેઠકો ખાલી પડે તેવી સ્થિતિ

ડિગ્રી એન્જિનિયરિંગમાં પ્રવેશ માટે છેલ્લા કેટલાય દિવસથી ચાલતી પીન વિતરણ અને ઓનલાઈન રજિસ્ટ્રેશનની પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે. પરિણામ સામાન્ય ચું હોવા છતાં ગતવર્ષની સરખામણીમાં પીન વિતરણ અને ઓનલાઈન રજિસ્ટ્રેશનની સંખ્યામાં ભારે ઘટાડો જોવા મળ્યો છે. ગત વર્ષ કરતાં અંદાજે ચાર હજાર જેટલી ઓછી પીન વિતરણ થઈ છે. ઓનલાઈન રજિસ્ટ્રેશનમાં ગતવર્ષ કરતાં ભારે ઘટાડો થતાં પ્રવેશ પ્રક્રિયા શરૂ થાય તે પહેલા જ ૨૫૯૭૪ એટલે કે ૨૬ હજાર જેટલી બેઠકો ખાલી પડે તેવી સ્થિતિ ભી થઈ છે. ડિગ્રી એન્જિનિયરિંગમાં પ્રવેશ માટે તા.૧૨મીથી પીન વિતરણ શરૂ કરવામાં આવ્યુ હતુ. પ્રવેશ લેવા ઈચ્છતાં વિદ્યાર્થીઓને તા.૧૨મી જૂન સુધી રજિસ્ટ્રેશન કરવાની સૂચના આપવામાં આવી હતી. આજે છેલ્લા દિવસે રજિસ્ટ્રેશનની પ્રક્રિયા પૂર્ણ થઈ ચુકી છે. અત્યાર સુધીમાં ૪૨૩૦૯ જેટલા વિદ્યાર્થીઓએ પોતાનું રજિસ્ટ્રેશન કરાવી લીધું છે. પ્રવેશ સમિતિ પાસે હાલમાં ૬૮૨૮૩ જેટલી બેઠકો ઉપલબ્ધ છે. આમ, બેઠકોના પ્રમાણમાં ઓછું રજિસ્ટ્રેશન થતાં ચોઈસ ફીલીંગ થાય તે પહેલા જ ૨૫ હજારથી વધુ બેઠકો ખાલી પડશે તે પ્રસ્થાપિત થઈ ચુકયુ છે. સૂત્રો કહે છે જેટલા વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યુ છે તે પૈકી તમામ પ્રવેશ લેતા નથી. એટલે કે અંદાજે ૪૩ હજાર વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન ગણવામાં આવે તો પણ તેમાંથી બે કે ત્રણ હજાર વિદ્યાર્થીઓ પ્રવેશ લેતા નથી. જેના કારણે ખાલી બેઠકોનો આંકડો ૨૭ હજાર બેઠકો ખાલી પડે તેમ છે. સૂત્રો કહે છે, ડિગ્રી એન્જિનિયરિંગમાં ચાલુ વર્ષે એક હજાર જેટલી બેઠકોનો વધારો થયો છે. બીજીબાજુ અનેક કોલેજોની બેઠકો ખાલી પડી રહી છે. જેના કારણે કેટલીક કોલેજોએ નિશ્ચિત બ્રાન્ચો બંધ કરવા માટે અરજીઓ પણ કરી છે. ગતવર્ષની સરખામણીમાં પરિણામ ઉચું હોવા છતાં આ વખતે પીન વિતરણ અને રજિસ્ટ્રેશનમાં ઘટાડો નોંધાયો છે.

હાલમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ થાય તે પહેલા કેટલીક કોલેજોએ પોતાની મેનેજમેન્ટ કવોટાની બેઠકો પ્રવેશ સમિતિને સુપ્રત કરી છે. કોલેજોબેઠકોની સ્થિતિ વિગત વર્ષ વર્ષ '૧૬૧૭ '૧૭૧૮ સરકારી કોલેજો ૧૬ ૧૬ સરકારી બેઠકો ૮૯૭૦ ૮૯૭૦ ગ્રાન્ટેડ કોલેજો ૦૩ ૦૩ ગ્રાન્ટેડ બેઠકો ૧૨૫૪ ૧૨૫૪ પીપીપી કોલેજો ૦૨ ૦૨ પીપીપી બેઠકો ૬૬૦ ૬૬૦ ખાનગી કોલેજો ૧૧૬ ૧૨૦ ખાનગી બેઠકો ૫૭૭૮૩ ૫૭૩૯૯ કુલ કોલેજો ૧૩૭ ૧૪૧ કુલ બેઠકો ૬૮૬૬૭ ૬૮૨૮૩ રજિસ્ટ્રેશન ૪૭૯૦૨ ૪૨૧૭૭ પીન વેચાણ ૫૧૨૩૦ ૪૭૫૩૮ નામાંકિત કોલેજોએ મેનેજમેન્ટ કવોટામાં અત્યારથી જ રૂપિયા લેવાનું શરૂ કર્યુ! ડિગ્રી ઈજનેરીમાં ચાલુ વર્ષે ૨૭ હજારથી વધુ બેઠકો ખાલી પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે. આમછતાં માત્ર અમદાવાદ શહેર અથવા તો કોઈ ચોક્કસ શહેરની જ અમુક જ કોલેજોમાં પ્રવેશ લેવા ઈચ્છતા ઓછી ટકાવારી ધરાવતાં વિદ્યાર્થીઓવાલીઓએ નિશ્ચિત બ્રાન્ચમાં ડોનેશન આપીને પણ પ્રવેશ કન્ફર્મ કરાવવાનું શરૂ કરી દીધુ છે. જોકે પ્રવેશ સમિતિ દ્વારા એવી સ્પષ્ટતાં કરવામાં આવી છે કે કોઈ વિદ્યાર્થીઓએ મેનેજમેન્ટ કવોટામાં જવાની જરૂર નથી તમામને પ્રવેશ મળી રહે તેમ છે.

# દક્ષિણ ગુજરાતમાં નવા શાળાકીય યુગનો ઉદય, માલીબા કેમ્પસમાં સ્કુલિંગ શરૂ





વિતેલા સપ્તાહ દરમિયાન દક્ષિણ ગુજરાતના ખ્યાતનામ એજ્યુકેશન કેમ્પસ માલીબા સંકુલમાં માલિબા સ્કુલ શરૂ કરવામાં આવી. અત્યાર સુધી હાયર એજ્યુકેશન ક્ષેત્રમાં કાર્યરત માલીબા સંકુલમાં ઉંચા તરસાડીયા યુનિવર્સિટી બાદ હવે માલિબા સ્કુલ શરૂ થઇ છે જેનો લાભ સમગ્ર દક્ષિણ ગુજરાતના વિદ્યાર્થીઓને મળશે. આ શાળાનું સુકાન આઇ.એન. ટેકરાવાળા સ્કુલના પૂર્વ આચાર્ય પ્રિ. જ્યોતિર્ પંડ્યાને સોંપવામાં આવ્યું છે. પ્રસ્તુત પ્રથમ તસ્વીર શાળાના પહેલા દિવસે યોજાયેલા સમારોહની છે જ્યારે બીજી તસ્વીર બીજા દિવસે વિદ્યાર્થીઓ કેમ્પસની મુલાકાતે નીકળ્યા હતા ત્યારે લેવાયેલી છે.

# કિંજલ દવે, ગીત ગા તો જ રિઝલ્ટ રિઝલ્ટ આપીશ



## ચારચાર બંગડીવાળી ગાડી લઈ દઉં ફેમ કિંજલ દવે પોતાની સ્કૂલમાં રિઝલ્ટ લેવા ગઈ ત્યારે તેની પાસે આ ડિમાન્ડ મૂકવામાં આવી

ગુજરાતની ફોક સિંગર અને 'મારા વીરા તને ચારચાર બંગડીવાળી ગાડી લઈ દઉં... ગીતથી જબરદસ્ત લોકપ્રિય થયેલી કિંજલ દવેએ આ વર્ષે બારમું ધોરણ પાસ કર્યું. અફકોર્સ તેનું રિઝલ્ટ કંઈ એવું ખાસ નથી આવ્યું અને કિંજલને સાતસોમાંથી ૩૮૨ માર્ક આવતાં સી૧ ગ્રેડ આવ્યો છે, પણ મજાની વાત એ છે કે નેટ પર રિઝલ્ટ ચેક કરી લીધા પછી કિંજલ જયારે અમદાવાદના બાપુનગર વિસ્તારમાં આવેલી વિદ્યાનગર હાયર સેકન્ડરી સ્કૂલમાં પોતાનું રિઝલ્ટ લેવા ગઈ ત્યારે બધા તેને ઘેરી વળ્યા હતા અને સ્કૂલના સ્ટાફ અને ટીચર્સ સહિત સૌકોઈએ તેની પાસે ડિમાન્ડ કરી હતી કે જો તે ગીત ગાશે તો જ તેને રિઝલ્ટ મળશે. છેલ્લા ચાર મહિના દરમ્યાન આવું કિંજલ સાથે એકધારું બનતું આવ્યું છે. તે દર્શન કરવા જાય કે પછી ક્યારેક રિક્ષા કરીને જવું પડે ત્યારે સૌકોઈ તેની પાસે આ ગીતની ડિમાન્ડ કરે છે અને કિંજલ પણ તેને કરવામાં આવતી આ ડિમાન્ડ પૂરી કરે છે.

કિંજલે હસતાંહસતાં કહ્યું હતું કે લોકોને ગમે છે તો પછી હું પણ બહુ ભાવ નથી ખાતી.

# એલ.પી. સવાણી વેસુના વિદ્યાર્થીઓએ પર્યાવરણ જાળવણીનો સંદેશો પ્રસરાવ્યો



શહેરના વેસુ વિસ્તારમાં આવેલી એલ.પી. સવાણી ડે બોર્ડિંગ સ્કુલના વિદ્યાર્થીઓએ વિતેલા સપ્તાહ દરમિયાન વર્લ્ડ અર્થ ડે ના દિવસે પર્યાવરણ જાળવણીના સંદેશા સાથે કેટલાક રચનાત્મક કાર્યક્રમો યોજ્યા હતા. વિશ્વભરમાં જ્યારે ગ્લોબલ વોર્મિંગ અને પ્રદૂષણના પ્રશ્નો માઝા મૂકી રહ્યા છે ત્યારે આ વિદ્યાર્થીઓનો સંદેશો સોશ્યલ મિડીયામાં લોકોએ ખૂબ વખાણ્યો હતો.

# ઉમરાની રેડીયન્ટ ઇંગ્લિશ એકેડેમીના વિદ્યાર્થીઓનો બોર્ડની પરીક્ષામાં ઝળહળતો દેખાવ



શહેરના ઉમરા વિસ્તારમાં આવેલી રેડીયન્ટ ઇંગ્લિશ એકેડેમીના વિદ્યાર્થીઓએ ધો.૧૨ના પરીણામોમાં ઝળહળતો દેખાવ કર્યો હતો. શાળાનું પરીણામ તો ૧૦૦ ટકા આવ્યું જ પરંતુ, વ્યક્તિગત પરીણામોમાં પણ વિદ્યાર્થીઓએ સર્વોચ્ચ ગુણો પ્રાપ્ત કર્યા હતા. આ પ્રસંગે શાળાના આચાર્ય શ્રી તુષારભાઇ પરમાર તેમજ શાળાના રેન્કર્સ સ્ટુડન્ટસ ખુશખુશાલ જણાયા હતા.

# સીબીએસઇના પરીણામોમાં જી.ડી. ગોએન્કા સ્કુલના વિદ્યાર્થીઓનું જબરદસ્ત પરફોર્મન્સ




શહેરના ન્યુ સિટીલાઇટ વિસ્તારમાં આવેલી જી.ડી.ગોએન્કા સ્કુલના વિદ્યાર્થીઓએ એ માન્યતાને સરાસર ખોટી ઠેરાવી છે કે હાઇફાઇ અને અત્યંત મોંઘી દાટ સ્કુલના પરીણામમાં કોઇ ભલીવાર ન હોય. જે લોકો આવી સ્કુલોમાં પોતાના સંતાનોને ભણાવી શકતા નથી તેવા કેટલાક લોકો આવી વાતો ફેલાવી રહ્યા છે પરંતુ, જી.ડી. ગોએન્કા સ્કુલના બોર્ડના વિદ્યાર્થીઓએ તેમના પરીણામથી પાયા વગરની વાતોને ફગાવી દીધી છે. સેન્ટ્રલ બોર્ડના ધો.૧૨ અને એ પછી ધો.૧૦ના પરીણામોમાં આ સ્કુલના વિદ્યાર્થીઓએ જોરદાર પરફોર્મન્સ આપ્યું હતું. પરીણામના દિવસે વિદ્યાર્થીઓ ખુશીથી આ રીતે ઉછળી પડ્યા હતા.

# ગજેરા ઇન્ટરનેશનલ સ્કુલના વિદ્યાર્થીઓની એક્ટિવિટી ક્લબ, ચિત્રકામ પર ભૂલકાઓએ હાથ અજમાવ્યો



શહેરની ગજેરા ઇન્ટરનેશનલ સ્કુલમાં એક્ટિવિટી ક્લબ અંતર્ગત વિદ્યાર્થીઓને કો-કરીક્યુલર એક્ટિવિટીઝ કરાવવામાં આવે છે. વિતેલા પખવાડીયા આ સ્કુલના ભૂલકાઓએ ચિત્રકામ પર હાથ અજમાવ્યો હતો. કેટલાક વિદ્યાર્થીઓએ એક એકથી ચઢીયાતા ચિત્રો દોરીને તેમાં રંગપૂરણી કરી હતી.

# પોતાના પ્રશ્નોના ઉકેલ જાતે જ શોધવા જોઈએ

એક વ્યક્તિને સતત જાતજાતના વિચાર આવ્યા કરતા, સતત સવાલ થયા કરતા. આ વિચારોઆ સવાલોના જવાબ જાતે શોધવાને બદલે તેને બીજા પાસે જવાબ માગવાની આદત પડી ગઈ હતી.

એક દિવસ તેના શહેરમાં એક મહાત્મા આવ્યા. આ વ્યક્તિ તેમની પાસે પણ પહોંચી ગઈ અને કોઈ ઉપદેશ આપવા મહાત્માને વિનંતી કરી. મહાત્માએ કહ્યું, ‘મારો ઉપદેશ એ જ છે કે આજ પછી કદી બીજા પાસે ઉપદેશ ન માગીશ.‘ આવું સાંભળતા જ આ વ્યક્તિ તો હેરાન થઈ ગઈ.

મહાત્મા આગળ બોલ્યા, ’અચ્છા મને જણાવ કે સાચું બોલવું સારું કે ખરાબ?’ પેલી વ્યક્તિએ કહ્યું, સારું. મહાત્માએ પૂછ્યું, તો ચોરી કરવાનું સારું કે ખરાબ? તેણે કહ્યું, ખરાબ. મહાત્માએ પૂછ્યું, સમયનો સદ્‌ઉપયોગ કરવો જોઈએ કે દૂરુપયોગ? વ્યક્તિએ કહ્યું, સદ્‌ઉપયોગ. મહાત્માએ આવા ઘણા સવાલ કર્યા અને એ વ્યક્તિએ તમામના સાચા જવાબ આપ્યા. ત્યારે મહાત્માએ કહ્યું, ‘તને બધા જ પ્રશ્નના સાચા જવાબ આવડે છે તો પછી કયો ઉપદેશ સાંભળવો છે? તને ગુણ અવગુણની જાણકારી છે પરંતુ માત્ર એટલું પૂરતું નથી. આ જાણકારી, આ જ્ઞાન જીવનમાં ઉતરે ત્યારે જ તે સાર્થક બને.

આપણે શબ્દનો શબ્દ તરીકે ઉપયોગ કરવો જોઈએ, બાણ તરીકે નહીં. કર્મ પહેલાં તેનાં પરિણામ વિશે વિચારવું જોઈએ. કોઈએ એવું માની લેવાની જરૂર નથી કે કોઈ અપરાધ કર્યા પછી તીર્થયાત્રા કે ગંગાસ્નાન કરી લેવાથી પાપ ધોવાઈ જશે, તો એ ભૂલ છે. આપણે કર્તવ્યલોકમાં જીવવાનું છે, કલ્પનાલોકમાં નહીં. અને આમ આ વ્યક્તિને જ્ઞાન અને ઉપદેશ મળી ગયા.

# સપનામાં આવતાં સંકેતો સાચા સાબિત થાય?

મહાન ગણિતશાસ્ત્રી આલ્બર્ટ આઈન્સ્ટાઈન પોતે એક વૈજ્ઞાનિક હતા અને અંધવિશ્વાસમાં વિશ્વાસ કરતા નહોતા, પરંતુ એકવાર એવું બન્યું કે એક જગ્યાએ યોજાનાર વૈજ્ઞાનિક સંમેલનનમાં ભાગ લેવા તેમને નિયંત્રણ મળ્યું હતું અને તેમને ગણિતનો એક કૂટપ્રૅં આપવામાં આવ્યો હતો અને તેનો ઉકેલ જાહેરમાં તેમણે રજૂ કરવાનો હતો. તેમણે આ ઉકેલ શોધવા પ્રયાસ કર્યો અને અઠવાડિયા સુધી પ્રયત્ન કર્યો, પરંતુ ઉકેલ મળતો નહોતો. સેમિનારની આગલી રાત્રે તેઓ ઉંઘી ગયા પછી કોઈ અજ્ઞાત સત્તાએ તેમને પ્રેરણા કરી અને ઉકેલ મળી ગયો. આઈન્સ્ટાઈન સ્વપ્નમાં હતા ત્યારે તેમને આ કોયડો ઉકેલવાનુ સૂત્ર મળી ગયું અને સ્વપ્નમાંથી જાગૃત બની. તેમણે સ્વપ્નમાં દર્શાવેલ સૂત્ર મુજબ ઉકેલ માટે પ્રયાસ કર્યો અને તુરત જ તેમને સફળતા મળી ગઈ. આ પ્રસંગ બાદ આ મહાન વિજ્ઞાનીએ જણાવ્યું હતું કે સ્વપ્ન દ્વારા સત્યની પ્રાપ્તિ થાય છે. આની પાછળ કયું તત્ત્વ હોઈ શકે તે અમે વિજ્ઞાનીઓ હજી સમજી શકતા નથી.’;

સપનામાં આવતાં સંકેતો સાચા સાબિત થાય?

સ્વપ્નમાં આવતા સંકેતોને ઓળખી લેવામાં આવે તો તે સાંસારિક જીવનમાં સાચા પડતાં જોવા મળતા હોય છે અને એવી જ કેટલીક ઘટનાઓ બની છે, જેને કારણે સ્વપ્ન દ્વારા મળતાં સંકેતો અંગે આજે પણ અનેક લોકો કાર્યરત્ છે અને ભારતીય પરંપરામાં પણ આખેઆખું સ્વપ્નશા સ્ત્ર જોવા મળે છે. વિવિધ શારીરિક બીમારીઓ અને માનસિક બીમારીઓના ઈલાજ માટે જેમ જુદા જુદા તબીબો હોય છે એવી રીતે અમેરિકાના પ્રોફેસર આઈસવુડે વરસો સુધી અસાધ્ય સ્વપ્ન પીડિત વ્યક્તિઓની સારવાર કરી હતી. કેટલાય લોકો એવા હોય છે જેમને ઘમાં આવેલા ચિત્રવિચિત્ર સ્વપ્ન પછી દિવસોના દિવસો સુધી તેઓ બેચેન બની જાય છે અને તેઓ કોઈ કામ સ્વસ્થતાથી કરી શકતા નથી. સ્વપ્નની દુનિયા વિશે અનેક સંશોધનો થઈ રહ્યા છે અને ફ્રોઈડ જેવા વિજ્ઞાનીઓએ આવા સેંકડો વ્યક્તિઓના સ્વપ્નોના અભ્યાસ પછી સ્વપ્ન અને વ્યક્તિની મનોદશા અંગે વિસ્તૃત અભ્યાસ કરીને પુસ્તકો લખ્યા છે. આંતરજગતની ઘટનાઓને વાસ્તવિક દૃષ્ટિએ કાર્યકારણનો કોઈ સંબંધ પ્રત્યક્ષ દેખાતો ન હોય છતાં ક્યારેક વ્યક્તિને મળતા પૂર્વાભાસના સંકેતો એકદમ સાચા બની જાય છે. પરંતુ આવા સંકેતો ઝીલવાની કે તેનું અર્થઘટન કરવાની ક્ષમતાના અભાવે મોટાભાગે આવા સંકેતો અનુસાર વર્તવાનું અશક્ય લાગતુ હોય છે. પરંતુ અંગત જીવન સાથે સંકળાયેલી કોઈ ઘટના વિશે આવો પૂર્વાભાસ થયા પછી પણ કોઈ અલૌકિક પરિબળ દ્વારા વ્યક્તિ અનિચ્છાએ તે મુજબ કાર્ય કરવા દોરવાઈ જાય છે. એક ઉચ્ચકક્ષાના પદ ઉપર કાર્યરત મહાનુભાવને એકાએક વિચાર આવ્યો કે આંધ્રપ્રદેશના તેમના વતનના ગામની મુલાકાત લેવી જોઈએ. તેઓ રસ્તામાં નેલ્લુર નજીક આવેલા તેમના શ્વસુરના ઘરે રોકાઈ ગયા. તેનાલી ગામમાં પહોંચ્યાં અને સાંજે જમ્યા પછી થોડીવાર આંટો મારવા નીકળ્યા અને ખૂબ પ્રસન્ન હતા. રાત્રે સુઈ ગયા ત્યાં સુધી તેઓને પોતાના પિતા વિશે કોઈ વિચારશુદ્ધા આવ્યો નહોતો. ફ્રોઈડ દ્વારા એવું તારણ આપવામાં આવ્યું છે કે દિવસ દરમિયાન વ્યક્તિ જે કલ્પનાઓ અને વિચારો કરે છે તેને અનુરૂપ સ્વપ્નાઓ રાત્રિમાં આવતા હાય છે, પરંતુ આવા કોઈ સિદ્ધાંતની અસર વગર તેમને રાત્રે સ્વપ્નમાં પિતાજી દેખાયા. રાત્રિ દરમિયાન ગાઢ નિદ્રામાં સૂઈ ગયા હતા અને પરોઢિયે તેમને સ્વપ્ન આવ્યું તેમણે જોયું કે પિતાજી ખૂબ બીમાર છે અને ખાટ ઉપર સુઈ ગયા છે. એક સાધારણ હૃદયરોગનો હુમલો થયો અને તેઓ બેભાન થઈ ગયા. તેમના બંને હાથ ખાટની બાજુમાં લટકી પડ્યાં. એટલામાં કોઈનો અવાજ સંભળાયો કે તેઓ આ દુનિયા છોડીને ચાલ્યા ગયા. એટલામાં સ્વપ્ન તુટી ગયું. મોટાભાગના સ્વપ્ન લોકોને યાદ રહેતા નથી, પરંતુ આ સ્વપ્નના દૃશ્યો તેમની નજર સમક્ષથી ખસતા જ નહોતા. પિતાજીની તબિયત અંગે તેઓ હવે ચિંતિત બની ગયા અને તેનાલીથી પાછા પોતાના કાર્યસ્થળ કોલકાતા જવાની ટિકીટ કઢાવી લીધી અને કોઈ અજ્ઞાત આશંકા તેમને સતત સતાવવા લાગી. તેમના પિતા વિજયવાડામાં રહેતા હતા, પરંતુ તેઓ પહેલા કોલકાતા પહોંચી ત્યાંના સમાચાર જાણવા ઈચ્છતા હતા આથી વિજયવાડા રસ્તામાં આવતું હોવા છતાં અહીં ઉતરવાની તેમની ઈચ્છા નહોતી. આમછતાં જયારે ટ્રેન વિજયવાડા પહોંચી એટલે તેઓ ડબ્બામાંથી નીચે ઉતર્યા અને પ્લેટફોર્મ ઉપર એક બે આંટા માર્યા અને અચાનક તેમને ઈચ્છા થઈ અને ઝડપથી સામાન લઈ તેઓ વિજયવાડા ઉતરી ગયા. ઘરે પહોંચ્યા ત્યાં સુધી તેઓ સ્વપ્ન અંગે જ વિચારી રહ્યા હતા. ઘરે પહોંચ્યાં તો સ્વપ્નમાં પિતાજી જે હાલમાં દેખાયા હતા બરાબર એવી જ રીતે ખાટ ઉપર તેમના બંને હાથ લટકતા હતા અને પિતાજીનો નિષ્પ્રાણ દેહ પડ્યો હતો. કોઈ અલૌકિક દોરીસંચારને કારણે તેઓ વિજયવાડા ઉતરી ગયા અને સ્વપ્નની દુનિયા કે જેને મિથ્યા માનવામાં આવે છે તેના દ્વારા આવો સત્યાભાસ કેવી રીતે થઈ શકે તેનો વિચાર આવવાથી તેનું રહસ્ય જાણવા તેમણે ખૂબ ચિંતન કર્યુ. મહાન ગણિતશા સ્ત્રી આલ્બર્ટ આઈન્સ્ટાઈન પોતે એક વૈજ્ઞાનિક હતા અને અંધવિશ્વાસમાં વિશ્વાસ કરતા નહોતા, પરંતુ એકવાર એવું બન્યું કે એક જગ્યાએ યોજાનાર વૈજ્ઞાનિક સંમેલનનમાં ભાગ લેવા તેમને નિયંત્રણ મળ્યું હતું અને તેમને ગણિતનો એક કૂટપ્રૅં આપવામાં આવ્યો હતો અને તેનો ઉકેલ જાહેરમાં તેમણે રજૂ કરવાનો હતો. તેમણે આ ઉકેલ શોધવા પ્રયાસ કર્યો અને અઠવાડિયા સુધી પ્રયત્ન કર્યો, પરંતુ ઉકેલ મળતો નહોતો. સેમિનારની આગલી રાત્રે તેઓ ઘી ગયા પછી કોઈ અજ્ઞાત સત્તાએ તેમને પ્રેરણા કરી અને ઉકેલ મળી ગયો. આઈન્સ્ટાઈન સ્વપ્નમાં હતા ત્યારે તેમને આ કોયડો ઉકેલવાનું સૂત્ર મળી ગયું અને સ્વપ્નમાંથી જાગૃત બની. તેમણે સ્વપ્નમાં દર્શાવેલ સૂત્ર મુજબ ઉકેલ માટે પ્રયાસ કર્યો અને તુરત જ તેમને સફળતા મળી ગઈ. આ પ્રસંગ બાદ આ મહાન વિજ્ઞાનીએ જણાવ્યું હતું કે સ્વપ્ન દ્વારા સત્યની પ્રાપ્તિ થાય છે. આની પાછળ કયું તત્ત્વ હોઈ શકે તે અમે વિજ્ઞાનીઓ હજી સમજી શકતા નથી. અમેરિકામાં સ્વપ્ન અનુસંધાન કેન્દ્રની સ્થાપના થઈ છે અને સેંકડો સ્વપ્નોનું વિશ્લેષણ કરવામાં આવી રહ્યું છે. મેક્સિકો, નાઈજીરીયા, ઓસ્ટ્રેલિયાના લગભગ ૩૦ હજાર લોકોના વિશ્લેષણ દ્વારા એક સામાન્ય તારણ એવું નિકળ્યું કે વ્યક્તિગત શિથિલતા ધરાવતા લોકોને આવતા ત્રણમાંથી બે સ્વપ્ન ભયાનક દૃશ્યોને લગતાં હોય છે. શાંત ચિત્ત ધરાવતા લોકો ઘતાની સાથે જ ગાઢ નિદ્રા અનુભવે છે અને તેમને બહુ ઓછા સ્વપ્ન આવે છે.

# ૧૦૦ ટકા જોબ પ્લેસમેન્ટ છતાં રબર ટેક્નોલોજી છાત્રોની છેલ્લી પસંદ




## રાજયમાં એકમાત્ર એલ.ડી.ઇજનેરી કોલેજમાં ચાલતી બ્રાન્ચમાં ૩૦ બેઠકોમાં પ્રવેશ લેતાં વિદ્યાર્થીઓ બી.ઇ. પૂરું કરે તે પહેલા જોબ મળે છે

ડિગ્રી ઇજનેરીમાં વિદ્યાર્થીઓના પસંદગીના ક્રમમાં પાછળ આવતી રબર ટેક્નોલોજી બ્રાન્ચમાં ૧૦૦ ટકા નોકરીની તકો મળે છે. ડિગ્રી પૂરી થાય તે પહેલાં જ તેમની જોબ લાગી જાય છે. જેના કારણે છેલ્લા કેટલાક સમયથી આ બ્રાન્ચની બેઠકો વધારવા માટે જુદી જુદી કંપનીઓ દ્વારા રજૂઆતો કરવામાં આવી રહી છે. જેના અનુસંધાનમાં રબર ટેક્નોલોજીની બ્રાન્ચ એકમાત્ર કોલેજમાં ચાલે છે તે એલ.ડી.ઇજનેરી કોલેજ દ્વારા આગામી વર્ષે રબર ટેક્નોલોજીની બ્રાન્ચની બેઠકો વધારવાની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. હાલમાં આ બ્રાન્ચની માત્ર ૩૦ બેઠકો ઉપલબ્ધ છે, એટલું જ નહીં આ બ્રાન્ચ માત્ર અને માત્ર એલ.ડી.ઇજનેરી કોલેજમાં જ ચલાવાય છે. રબર ટેક્નોલોજીની બ્રાન્ચ વર્ષ ૧૯૮૩થી એલ.ડી.ઇજનેરીમાં શરૂ કરવામાં આવી હતી. રબર ટેક્નોલોજીના જાણકાર ઇજનેર તૈયાર કરતી આ બ્રાન્ચની સૌથી વધુ માંગ કેરાલા-તામીલનાડુ જેવા રાજયોમાં રહે છે. સૂત્રો કહે છે ટાયર અને રબર ને લગતા સાધનો બનાવતી કંપનીઓએ ગુજરાતમાં વ્યવસાય શરૂ કરતાં ગુજરાતમાંથી જ રબર ઇજનેર મળી રહે તવી માંગ ઉભી થઇ હતી. અગાઉ રબર ઇન્ડસ્ટ્રીઝ જરૂરયાત પ્રમાણે રબર ટેક્નોલોજીના જાણકાર ઇજનેરો કેરાલા અને તામિલનાડુમાંથી આયાત કરતી હતી. જે પ્રમાણમાં મોઘું પડતું હોવાથી કંપનીઓ દ્વારા સ્થાનિક કક્ષાએ રબર ટેક્નોલોજીની બ્રાન્ચ ભી થાય તેવી રજૂઆતો કરી હતી. જેના અનુસંધાનમાં એલ.ડી.ઇજનેરી કોલેજમાં માત્ર ૧૦ બેઠકો સાથે બ્રાન્ચ શરૂ કરવામાં આવી હતી. ધીમે ધીમે જરૂરયાત અને ડીમાન્ડ વધતાં બેઠકો વધારીને ૩૦ કરવામાં આવી છે.

આ મુદ્દે પ્રવેશ સમિતિના સૂત્રો કહે છે હાલની તમામ બ્રાન્ચોમાં બી.ઇ.ની ડિગ્રી મેળવતાં વિદ્યાર્થીઓ માટે જોબફેર અથવા તો પ્લેસમેન્ટ સેલ યોજવામાં આવે છે. પરંતુ રબર ટેક્નોલોજીના વિદ્યાર્થીઓએ કયારેય જોબફેરમાં જવું પડતું નથી. એલ.ડી.ઇજનેરી કોલેજના પ્રિન્સિપાલ અને એડમિશન કમિટીના મેમ્બર સેક્રેટરી જી.પી.વડોદરિયા કહે છે કે, છેલ્લા કેટલાય સમયથી રબર ટેક્નોલોજી સાથે જોડાયેલી કંપનીઓ દ્વારા આ બ્રાન્ચની બેઠકો વધારવા માટે રજૂઆતો કરાઈ રહી છે. રબર ટેક્નોલોજીમાં વર્ષોથી ૧૦૦ ટકા પ્લેસમેન્ટ થાય છે. આ વિદ્યાર્થીઓએ કોઇ જોબફેરમાં પણ જવું પડતું નથી. ઉલટાનું કંપનીઓ બેઠકો વધારવા સતત રજૂઆતો કરતી રહે છે. જેના કારણે હવે આગામી વર્ષે રબર ટેક્નોલોજીની બેઠકો વધારાશે.

હીડન પ્રોડક્ટ હોવાથી તેનું મહત્વ સમજાતું નથી એલ.ડી.ઇજનેરી કોલેજમાં રબર ટેકનલોજી ડિપાર્ટમેન્ટના પ્રોફેસર કોઓર્ડિનેટર રૂપાંદે દેસાઇ કહે છે, કોઇપણ પ્રોડક્ટમાં રબર હીડન પ્રોડ્ક્ટ તરીકે વાપરવામાં આવતું હોવાથી તેનું મહત્વ સમજાતું નથી. રોડ બનાવો તેમાં ડામરની સાથે રબરનો ઉપયોગ થાય તો રોડ લાંબો સમય ટકી શકે છે. આ બ્રાન્ચની ડિમાન્ડ વધવાના કારણે જ અગાઉની ૧૦ બેઠકોમાંથી ૩૦ કરવી પડે છે. હવે તો રબર ટેક્નોલોજીમાં એમ.ઈ. પણ શરૂ કરવામાં આવ્યું છે. સ્થાનિક કક્ષાએ રબર ઇન્ડસ્ટ્રીઝ ઉભી થવાના કારણે હવે સ્થાનિક વિદ્યાર્થીઓને નોકરી માટે બહાર પણ જવું પડતું નથી.

### કોઇ સ્વનિર્ભર કોલેજ રબર ટેક્નોલોજી શરૂ કરવા તૈયાર નથી!

ઇજનેરીમાં ૧૦૦ ટકા જોબ પ્લેસમેન્ટ આપતી એકમાત્ર બ્રાન્ચ હોવાછતાં હજુસુધી એકપણ સ્વનિર્ભર કોલેજમાં આ બ્રાન્ચ શરૂ થઈ નથી. આ અંગે નિષ્ણાતો કહે છે રબર ટેક્નોલોજી બ્રાન્ચ શરૂ કરવા માટે સૌથી પહેલા અદ્યતન લેબોરેટરીની જરૂર પડે છે. આ ઉપરાંત મોડલિંગ મશીન વગેરેની પણ જરૂરયાત પડતી હોય છે. જેમાં લાખોથી લઈને કરોડો રૂપિયાનો ખર્ચ થાય છે. સ્વનિર્ભર કોલેજો મોટાભાગે ઓછા ખર્ચે વધુ નફો થાય તેવી બ્રાન્ચો ખોલતી હોય છે.

## ૨૦૧૯-૨૦થી આર્કિટેક્ચર કોર્સમાં ધો.૧૨ કોમર્સને નો એન્ટ્રી!!

કાઉન્સિલ ઓફ આર્કિટેક્ચર
(આર્કિટેક્ટ્સ એક્ટ, ૧૯૭૨ હેઠળ ભારત સરકારની કાયદેસરની સંસ્થા)
ઇન્ડિયા હેબીટેટ સેન્ટર, કોર ૬-એ, પહેલો માળ, લોધી રોડ, નવી દિલ્હી - ૧૧૦૦૦૩
ફોન: ૦૧૧-૦૯૪૧૨૧૦૦, ફેક્સ: ૦૧૧-૨૪૬૪૭૭૪૯
ઇ-મેલ: info-coa@gov.in, વેબસાઇટ: www.coa.gov.in

**જાહેર નોટિસ**

ધ્યાન આપો: વિદ્યાર્થીઓ, માતાપિતા, આર્કિટેક્ચર સંસ્થાનો, આર્કિટેક્ટસ, વગેરે કાઉન્સિલ ઓફ આર્કિટેક્ચર, આર્કિટેક્ટસ એક્ટ, ૧૯૭૨ની જોગવાઇઓ અનુસાર આર્કિટેક્ચરલ એજ્યુકેશન સ્ટાન્ડર્ડ અને પ્રોફેશન જાળવી રાખવાની જવાબદારી સાથે ભરોસાપાત્ર છે.
સેન્ટ્રલ ગવર્નમેન્ટની મંજુરી સાથે કાઉન્સિલે નક્કી કરેલ છે કે બી.આર્ક. કોર્સમાં પ્રવેશ માટે યોગ્યતાઓમાં નીચે મુજબ પુનરાવર્તન કરવું.
"૧૦+૨ સ્કીમ પરીક્ષાના અંતે ફિઝીક્સ, કેમિસ્ટ્રી અને મેથેમેટિક્સમાં ૫૦%ગુણ સાથે તેમજ ૧૦+૨ લેવલ પરીક્ષામાં સરેરાશ ૫૦%ગુણ સાથે પાસ કરેલ નહિ હોય, તો આર્કિટેક્ચર કોર્સમાં કોઇપણ ઉમેદવારને પ્રવેશ મળશે નહિ."એ મુજબ કાઉન્સિલ ઓફ આર્કિટેકટચર (આર્કિટેક્ચરસનું લઘુત્તમ સ્ટાન્ડર્ડ) રેગ્યુલેશન્સ, ૧૯૮૩ને એક્ટની જોગવાઇઓ મુજબ ફેરફાર કરાયેલ છે.
ઉપરોક્ત યોગ્યતા શૈક્ષણિક સત્ર ૨૦૧૯-૨૦૨૦થી અમલમાં આવશે. જે પણ વિદ્યાર્થી આર્કિટેક્ચર ડિગ્રી કોર્સમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા હોય, તેઓ ઉપરોક્ત લાયકાત ધરાવતા હોય, તે આવશ્યક છે.
જાહેર જનહિતાર્થે પ્રકાશિત
સ્થળ: નવી દિલ્હી - રજિસ્ટ્રાર
તારીખ: ૭-૬-૨૦૧૭

## કોઇપણ ડિગ્રી સાથે પરફોર્મિંગ આર્ટસની ડિગ્રીમાં પણ ભણી શકાશે

સુરત તા. ૨૭: વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટીની સિન્ડીકેટે એક સરાહનીય અભિગમ દાખવીને પરફોર્મિંગ આર્ટ્સ (સંગીત, નાટક અને નૃત્ય) અને ફાઇન આર્ટ્સ (લલિત કલાઓ) માટે સમાંતર સ્નાતક અભ્યાસને મંજૂરી આપી છે. આમ હાલમાં બી.એ., બી.કોમ., બીબીએ, બીસીએ કે એવા કોઈ પણ સ્નાતક કક્ષાના પહેલાં, બીજા કે ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓ તેની સાથોસાથ બી.પી.એ. (બેચલર ઇન પરફોર્મિંગ આર્ટ્સ)નો કોર્સ પણ કરી શકશે. તે માટેની પ્રાથમિક જરૂરિયાત માત્ર ધો. ૧૨ પાસ હોવાની છે. હાલ આ કોર્સ દક્ષિણ ગુજરાતની એક માત્ર સાર્વજનિક કોલેજ ઓફ પરફોર્મિંગ આર્ટ્સ (સ્કોપા), નાનપુરા હાઇસ્કૂલ પરિસર, સુરતમાં થઇ શકે છે, તો ફાઇન આર્ટસનો કોર્સ ખુદ યુનિવર્સીટી ચલાવે છે.

અન્ય શિક્ષણ સાથે કલાનું શિક્ષણ મેળવીને વધુ સારી કારકિર્દી મેળવી શકાય છે. પરફોર્મિંગ આર્ટ્સનો કોર્સ કર્યા બાદ સ્ટેજ, ટીવી અને સિનેમા સહીત અનેક મીડિયામાં તેજસ્વી કરિયર બની શકે છે, તો સેંકડો શાળાઓને કલા શિક્ષકની હાલ જરૂર છે. આ કોર્સ કરનાર સૌને જોબ પ્લેસમેન્ટ મળી શકે છે.

ટોચના એન્જિનિયર, ડોક્ટર અને મેનેજર પણ કલા તરફની અભિરુચિ ધરાવે જ છે, આમ સફળ કેરિયર પછી પણ કલાનું શિક્ષણ સ્વીકારનાર સૌ કોઇ, કોઇ પણ ઉંમરે આ કોર્સમાં જોડાઇ શકે છે.

## રાજયની ખાનગી હોસ્પિટલ અને ખાનગી પ્રેક્ટિસ કરતા ડૉક્ટરો ઉપર સરકારનું કોઈ નિયંત્રણ નથી

દેશના દરેક દર્દીઓના હિતનું રક્ષણ કરવા કેન્દ્ર સરકારે સાત વર્ષ પહેલા ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ-૨૦૧૦ બનાવ્યો હતો. પરંતુ આ એક્ટનો અત્યાર સુધી એક માત્ર પશ્ચિમ બંગાળની મમતા બેનર્જી સરકારે ફેબ્રુઆરી૨૦૧૭માં અમલ શરૂ કર્યો છે. પશ્ચિમ બંગાળને બાદ કરતા દેશના ૧૦ રાજયો અને ૭ કેન્દ્રશાસિત પ્રદેશોએ એક્ટનો સ્વીકાર્યો કર્યો છે, પણ તેના અમલ બાબતે હજુ કોઈ નક્કર નિર્ણય કર્યો નથી જયારે ગુજરાત રાજયે તો આ એક્ટને અત્યાર સુધી સ્વીકાર પણ નથી કર્યો અને તેના અમલી બાબતે વિચારાધીન પણ નથી.

રાજય સરકારના હેલ્થ વિભાગના વિશ્વનિય સૂત્રો કહે છે કે, ગુજરાત સરકારનો ખાનગી હોસ્પિટલ અથવા ખાનગી પ્રેક્ટિસ કરતા ડૉક્ટરો ઉપર કોઈ નિયંત્રણ નથી. તબીબી ક્ષેત્ર સાથે સંકળાયેલા રાજયમાં અન્ય ઘણા જટીલ મુદ્દાઓ છે. આ એક્ટને લાગુ કરી રાજય સરકાર હાલ કોઈ સમસ્યા ભી કરવા માંગતી નથી. આ એક્ટ અંતર્ગત ૫૦ બેડ કરતા વધારે સંખ્યા ધરાવતી દરેક હોસ્પિટલને આવરી લેવામાં આવી છે. ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ લાગુ થાય તો રાજયની હોસ્પિટલમાં દર્દી સર્જરી અથવા સારવાર કરાવે તેની એક અપર લિમિટ નક્કી થઈ શકશે. જે રીતે એજયુકેશન સિસ્ટમની અંદર ફી કમિટી જે તે કોર્સ માટે ફી નક્કી કરે છે તે જ રીતે રાજય સરકાર સારવાર માટે એક નિશ્ચિત રકમ નક્કી કરશે. આ રકમ રાજયની દરેક હોસ્પિટલમાં સરખી રહેશે. ખાનગી હોસ્પિટલ અથવા ડૉક્ટર્સ નિશ્ચિત કરેલા ચાર્જ કરતા એક પણ રૂપિયો વધારે વસૂલી નહીં શકે.

જો રાજય સરકાર માર્કેટમાં વેચાતી નાનામાં નાની વસ્તુને પ્રાઈઝ કંટ્રોલમાં આવરી શકે તો હોસ્પિટલ્સના ખર્ચને કેમ પ્રાઈઝ કંટ્રોલમાં ન લાવી શકે? તેમ લોકોમાં ચર્ચાનો વિષય બન્યો છે. કેન્દ્ર સરકારના ગેઝેટમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, આ એક્ટને લાગુ કરનાર રાજયમાં જિલ્લા સ્તરે કમિટી બનશે. તાજેતરમાં પશ્ચિમ બંગાળની સરકારે આ કાયદાનો અમલ શરૂ કર્યો છે. તેમાં કોઈ હોસ્પિટલ અથવા ડૉક્ટરની બેદરકારીથી દર્દીનું મોત નિપજે તો દર્દીના સગાને ૧૦ લાખથી ૫૦ લાખ સુધી વળતર આપવાની જોગવાઈ કરવામાં આવી છે. હોસ્પિટલ અથવા ડૉક્ટર વળતર ન ચૂકવવા બાબતે માત્ર હાઈકોર્ટમાં અરજી કરી શકશે. હાઈકોર્ટ નીચેની એક પણ કોર્ટમાં વળતર અંગેનો કેસ ચાલી શકશે નહીં. ઘણી વખત ચાર્જ નહીં ચૂકવાતા હોસ્પિટલ સત્તાવાળા સગાને દર્દીનો મૃતદેહ આપતા નથી. આવા કિસ્સા માટે આ કાયદામાં હોસ્પિટલ અથવા ડૉક્ટર સામે શિક્ષાત્મક પગલાં લેવાં સુધીની જોગવાઈ કરી છે. રૂપિયાના કારણે કોઈ હોસ્પિટલ અથવા ડૉક્ટર દર્દીનો મૃતદેહ અટકાવી શકશે નહીં. રાજસ્થાનના રાજસમંદના ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના માનદ સચિવ રાજકુમાર દક્કે આ બાબતે કેન્દ્ર અને રાજય સરકાર સમક્ષ લડત આરંભી છે. તેમણે કલ્યું કે, ગુજરાત ઉપરાંત દેશના મોટાભાગના હોસ્પિટલોમાં ખઈઈં (મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા) ના એથિક્સનું પાલન થતું નથી. ૮ ઓક્ટોબર૨૦૧૬ના ખઈઈં રૂલ અમેન્ડમેન્ટમાં ઉલ્લેખ છે કે, ડૉક્ટરે પોતાના પ્રિસ્ક્રિપ્શનની નીચે રજિસ્ટ્રેશન નંબર સાથે પુરૂ નામ લખવું પડશે તેનો અમલ થતો નથી. ખાનગી હોસ્પિટલે દર્દીનો રેકોર્ડ સગાને ૭૨ કલાકમાં આપવાનો નિયમ છે, પણ એક પણ ખાનગી હોસ્પિટલ આ નિયમનું પાલન કરતી નથી. ગુજરાતમાં ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટના લાગુ કરવા બાબતે હેલ્થ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે વાત કરતા તેમણે આ બાબતે કંઈજ કમેન્ટ કરવાનું ટાળ્યું હતું.

### કાયદો અમલી ન હોવાથી ચાર્જિસમાં બેફામ લૂંટ';રાજયમાં સાત વર્ષથી ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટ લાગુ કરાતો નથી

# દક્ષિણ ગુજરાતમાં એન્જીનીયરીંગ કોલેજનો સર્વશ્રેષ્ઠ પર્યાય એટલે એફ.ઈ.ટી.આર.,બારડોલી

**ભારત સરકાર દ્વારા એફ.ઈ.ટી.આર. કોલેજ કેમ્પસમાં દેશનું સૌ પ્રથમ કોમન એન્જીનીયરીંગ ફેસીલીટી સેન્ટરની મંજૂરી આપવામાં આવી છે. જેમાં પ્રોટોટાઈપ ડેવલોપમેન્ટ સેન્ટર, મિકેનીકલ ટૂલ રૂમ, અદ્યતન ડિઝાઈન સેન્ટર, ટેસ્ટીંગ એન્ડ કેલીબ્રેશન લેબોરેટરી, હીટ ટ્રીટમેન્ટ યુનિટ લેબોરેટરી અને ટ્રેનીંગ સેન્ટર માટે મિનિસ્ટ્રી ઓફ હેવી ઈન્ડસ્ટ્રીઝ એન્ડ પબ્લીક એન્ટરપ્રાઈઝ તરફથી કેપિટલ ગુડસ સેકટર માટે કેપીટલ ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ સેન્ટર થકી દક્ષીણ ગુજરાતના નાના અને મધ્યમ કદના ઉદ્યોગોને લાભ મળશે અને કોલેજના વિદ્યાર્થીઓ તથા પ્રોફેસરોને પણ રીસર્ચ વર્ક માટેની અલાયદી સુવિધા ઉપલબ્ધ થશે.**

એન્જીનીયરીંગ ક્ષેત્રે વિદ્યાર્થીઓ પ્રતિભાશાળી બની શ્રેષ્ઠ શિક્ષણ મેળવી શકે એ માટે સરદાર વલ્લભભાઈ પટેલ એજયુકેશન સોસાયટી સંચાલિત ફેકલ્ટી ઓફ એન્જીનીયરીંગ ટેકનોલોજી એન્ડ રીસર્ચ (એફ.ઈ.ટી.આર.), બારડોલી કટિબદ્ધ છે. ઉચ્ચતમ શૈક્ષણિક લાયકાત ધરાવતો સ્ટાફ, અદ્યતન પ્રયોગશાળા, ઈન્ટરનેશનલ એક્ષચેન્જ પ્રોગ્રામ, શિસ્તબદ્ધ વાતાવરણ અને યુનીવર્સીટી લેવલના શ્રેષ્ઠ પરીણામો થકી એફ.ઈ.ટી.આર. કોલેજે ગુજરાતમાં પોતાની આગવી ઓળખ ઉભી કરી છે.

ગુજરાત ટેકનોલોજીકલ યુનીવર્સીટી (જીટીયુ) સાથે સંલગ્ન અને એ.આઈ.સી.ટી.ઈ., દિલ્હી દ્વારા માન્ય એફ.ઈ.ટી.આર. કોલેજ જી.ટી.યુ. દ્વારા જાહેર થતા ફાઈનલ વર્ષના પરિણામોમાં રાજયની ૧૨૩ કોલેજો પૈકી ટોપટેન કોલેજોમાં સ્થાન પામી છે. કેમિકલ એન્જીનીયરીંગ, સિવિલ એન્જીનીયરીંગ, કોમ્પ્યુટર સાયન્સ એન્ડ એન્જીનીયરીંગ, ઈલેક્ટ્રીકલ એન્જીનીયરીંગ અને મીકેનીકલ એન્જીનીયરીંગ એમ મુખ્ય પાંચ બ્રાંચ ધરાવતી આ કોલેજે સાત વર્ષોમાં સફળતાના વિવિધ શિખરો સર કર્યા છે. હાલમાં ડિસેમ્બર ૨૦૧૬ માં યુનીવર્સીટીનાં પરીણામોમાં આ કોલેજ સમગ્ર સાઉથ ઝોનમાં ૨૨ કોલેજો પૈકી ચોથા ક્રમે સ્થાન પામી ગૌરવાંતિત થઈ છે. જેમાં સિવિલ વિભાગ ૧૦૦% પરિણામ સાથે સમગ્ર રાજયમાં પ્રથમ ક્રમાંક હાંસલ કરેલ છે. હાલમાં જ એફ.ઈ.ટી.આર. કોલેજને ભારત સરકારનાં કેબીનેટ મંત્રીશ્રી અનંત ગીતે તથા રાજય સરકારના ઉદ્યોગ મંત્રીશ્રી રોહિતભાઈ પટેલ દ્વારા કોલેજને સન્માન પત્ર અને એવોર્ડ થકી સન્માનિત કરવામાં આવી છે.

આ કોલેજનાં પ્રિન્સીપાલ ડૉ. લતેશભાઈ ચૌધરી જણાવે છે કે અમારી કોલેજ મેનેજમેન્ટ નિર્ધારિત વિઝન અને મિશન સાથે કામ કરે છે. ગુણવત્તા સભર એન્જીનીયરીંગનું શિક્ષણ શહેર અને અંતરિયાળ વિસ્તારનો કોઈ પણ વિદ્યાર્થી લઈ શકે એ માટે સંસ્થા પ્રતિબદ્ધ છે. જેથી જ રિલાયન્સ જેવી મલ્ટીનેશનલ કંપનીઓ આ કોલેજના ફાઈનલ વર્ષના વિદ્યાર્થીઓનાં પ્લેસમેન્ટ માટે કોલેજ કેમ્પસમાં આવે છે. આ વર્ષે આ કોલેજના ૨૦ કેમિકલ, મીકેનીકલ અને ઈલેક્ટ્રિકલ વિભાગના ૨૦ વિદ્યાર્થીઓ રિલાયન્સ કંપનીમાં પસંદગી પામ્યા છે , જે સંસ્થા માટે ગૌરવપ્રદ બાબત છે. આ ઉપરાંત દમનની મોબાઈલ ક્ષેત્રની અગ્રગણ્ય કંપની પેસિફિક સાયબર ટેકનોલોજી દ્વારા આ કોલેજના ઈલેક્ત્રીકાલ વિભાગના ફાઈનલ વર્ષના ૪૫ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી છે. વિદ્યાર્થીના ચારિત્ર્ય ઘડતર માટે ડૉ ગુણવંત શાહ, શ્રીમતિ કાજલ ઓઝા વૈદ્ય જેવા પ્રતિષ્ઠિત વ્યક્તિઓ કોલેજમાં આવી માર્ગદર્શન આપે છે.

ગુજરાતનાં વિદ્યાર્થીઓ એફ.ઈ.ટી.આર. થકી વિદેશની ટેકનોલોજી સાથે પોતાને જોડી શકે તેવા અનેક સર્ટિફાઈડ કોર્ષ કોલેજમાં ઉપલબ્ધ છે. મિકેનીકલ એન્જીનીયરીંગ વિભાગ દ્વારા ઙઝઈ યુનીવર્સીટી, ત્રજઅ સાથે ખઘઝ કરી ભયિજ્ઞ ૩.૦ ડીઝાઈન સોફટવેર કોર્ષનું ઓથોરાઈઝડ ટ્રેનીંગ સેન્ટર, ની સ્થાપના કરવામાં આવી છે. કોમ્પ્યુટર વિભાગ દ્વારા સ્વીડનની લોફટી સોફટ લેબોરેટરી સાથે ખઘઝ કરી ઈંઘઝ લેબોરેટરીની સ્થાપના કરવામાં આવી છે. જેના થકી આજ સુધીમાં ૨૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ આ કોર્સ પૂર્ણ કરેલ છે.

આ કોલેજના કેમિકલ વિભાગને રાજય સરકારના ઈન્ડસ્ટ્રીઝ કમિશનરેટ દ્વારા કેમિકલ એન્ડ પેટ્રોકેમિકલ સેક્ટર માટે નોડલ સંસ્થા તરીકેની માન્યતા પામેલ છે. જેના થકી અત્યાર સુધીમાં ૨૦ થી વધારે જેટલા ટ્રેનીંગ પ્રોગ્રામો આયોજીત કરવામાં આવ્યા છે.

હાલમાં જ આ કોલેજ દ્વારા પ્રધાન મંત્રી કૌશલ્ય વિકાસ યોજના અંતર્ગત નેશનલ સ્કીલ ડેવલોપમેન્ટ સ્કીમ અંતર્ગત વિવિધ સેકટર જેવા કે કેપિટલ ગુડ્સ, ફૂડ પ્રોસેસીંગ, ઓટોમેટીવ અને ઈલેક્ટ્રોનીક્સ એન્ડ હાર્ડવેર અંતર્ગત આ કોલેજને ચાર નવા વોકેશનલ કોર્સીસ ની મંજૂરી આપવામાં આવી છે. આ કોર્સની કોઈ પણ પ્રકારની ટ્યુશન ફી લેવામાં આવતી નથી તથા તમામ ખર્ચ ભારત સરકાર દ્વારા આપવામાં આવે છે. આ વોકેશનલ કોર્સીસ પૂર્ણ કરનાર વિદ્યાર્થીને રોજગારીની તકો બહોળી પ્રમાણમાં ઉપલબ્ધ થાય ટે મુખ્ય હેતુ છે.

વધુમાં એફ.ઈ.ટી.આર. કોલેજનું આધુનીક દ્રષ્ટિથી સજ્જ મેનેજમેન્ટ સતત એ બાબત માટે પ્રયત્નશીલ રહે છે કે અહીં ભણતો વિદ્યાર્થી વિશ્વ માં ક્યાંય ક્યારેય પાછળ નહિ પડે અને એક અજોડ સ્થાન પામી પોતાનું અને કોલેજનું નામ રોશન કરે. બારડોલી વિસ્તારમાં ગુણવત્તા સભર શિક્ષણનો પર્યાય બનેલી એફ.ઈ.ટી.આર. ડીગ્રી એન્જીનીયરીંગ કોલેજ એ એન્જીનીયરીંગ ક્ષેત્રમાં માઈલસ્ટોન બની રહેશે.

# એન્જિનિયરિંગ એજ્યુકેશન રોજગારીનું શ્રેષ્ઠ માધ્યમ

## એવરગ્રીન અને ગ્લોબલ એજ્યુકેશન એટલે આઈ.ટી. એન્જિનિયરિંગ

માત્ર ભારત જ નહીં, વિદેશોમાં પણ આજે એન્જિનિયરિંગની સૌથી હોટ ફેવરિટ ગણાતી બ્રાન્ચ ઈન્ફર્મેશન એન્ડ ટેક્નોલોજીની છે. કોમ્પ્યુટર અને આઈ.ટી. બ્રાન્ચમાં ઘણા ખરા અંશે સામ્યતા છે. આમ છતાં આઈ.ટી.ની તકો વિશાળ છે. વિદ્યાર્થીઓમાં આવડત હોય તો શકયતાઓ વિપુલ છે. દુનિયામાં દિવસે દિવસે નવા નવા સંશોધનો થતાં જ રહે છે.

એક વખત સંશોધન થયા પછી તેની યોગ્ય રીતે જાળવણી કરવા માટે આઈ.ટી. ઇજનેરોની જરૂરયાત પડતી હોય છે. ગુજરાતમાં પાંચ વર્ષ પહેલ આઈ.ટી.ની જોરદાર ડિમાન્ડ આવતાં બોર્ડમાં ટોપ રેન્કમાં આવનારા વિદ્યાર્થીઓ પણ તે સમયે આઈ.ટી.બ્રાન્ચમાં પ્રવેશ લેવાનું પસંદ કરતાં હતા.

પછીના સમયમાં ભારત અને વિદેશમાં પણ મંદીના માહોલ વચ્ચે આઈ.ટી.બ્રાન્ચની ડિમાન્ડ ઘટતાં બેઠકો ખાલી પડે અથવા તો ઓછા ટકાએ પણ આઈ.ટી.માં પ્રવેશ મળી જાય તેવી પરિસ્થિતિ ભી થઈ હતી. આમ છતાં હવે ફરીવાર આઈ.ટી.ની ડિમાન્ડ ભી થઈ રહી છે. આગામી દિવસોમાં સતત આઈ.ટી.ની માંગ વધતી રહેશે તેવું નિષ્ણાતો કહે છે. આઈ.ટી. બ્રાન્ચનું વર્તમાન કોમ્પ્યુટર અને આઈ.ટી બ્રાન્ચમાં કેટલીક સામ્યતા રહેલી છે. હાલ કોમ્પ્યુટરનો જમાનો શરૂ થયો છે. પાંચ વર્ષ પહેલા ઇન્ટરનેટ અને સ્માર્ટફોન બહુ ઓછા લોકો ઉપયોગ કરતાં હતા. હવે મોટી સંખ્યામાં લોકો તેનો ઉપયોગ કરતાં થયા છે. આગામી દિવસોમાં કદાચ ઘરે ઘરે ઇન્ટરનેટ અને સ્માર્ટફોન રોજિંદા ઉપયોગમાં લેવાતા થશે. આ ઇન્ટરનેટ અને સ્માર્ટફોન માટેની એપ્લિકેશન માટે આઈ.ટી. ઇજનેરોની જરૂરયાત ભી થતી હોય છે. આજ રીતે હાલ સોશિયલ નેટવર્કિંગ વધી રહ્યું છે. અવનવી ગેમ્સ પણ બજારમાં આવી રહી છે. આ તમામ માટે નવી નવી એપ્લિકેશનની જરૂર પડશે તે આઈ.ટી.એન્જિનીયરો પૂરી પાડશે. આઈ.ટીમાં મુખ્ય બે પ્રકારો હોય છે.

આઈ.ટી. ડેવલપર્સ અને આઈ.ટી. પ્રોગ્રામર. એપલ સહિતની તમામ કંપનીઓ દિવસે દિવસે કોમ્પ્યુટર અને ફોન સહિતની ચીજવસ્તુઓમાં નવા નવા મોડલો લાવી રહ્યા છે. આ ઉપરાંત ગુજરાતમાં પણ નવા નવા ઈન્ડસ્ટ્રીઝ ઝોનને વાઈફાઈ સુવિધાઓ આપવાનું નક્કી કરાયું છે. ધીમે ધીમે લોકો સાયબર કાફેમાં જતા તેના બદલે હવે ઘરે જ નેટ યૂઝ કરતાં થયા છે. જેના કારણે વધુને વધુ આઈ.ટી. પ્રોગ્રામરોની માગ વધશે. દેશમાં રોજની લાખો એપ્લિકેશન ડાઉનલોડ થતી રહે છે તેના માટે પણ આઈ.ટી નિષ્ણાતો જરૂરી છે.

આઈ.ટી. બ્રાન્ચનું ભવિષ્ય આવી ટેક્નોલોજી એગ્રીકલ્ચર ઈન્ડસ્ટ્રીઝમાં એપ્લાય કરવામાં આવે તો ઘણી ઓછી મહેનતે વધુ સરળતાથી ઘણા કામો ટૂંકા સમયમાં પૂરા થઈ શકે છે. જેમ કે પાક લણવા માટે હાર્વેસ્ટિંગ રોબોટનો ઉપયોગ થઈ શકે તેમ છે. આમ ઘણા બધા રોબોટ બની શકે તેમ છે.

જેમ કે, ફ્રુટ તોડવા માટે ફ્રુટ પેકિંગ રોબોટ, ખેતી માટે ડ્રાઈવર લેસ રોબોટ, ખાતરનો છટકાંવ કરવા માટે પણ સ્પેશિયલ રોબોટ બનાવી શકાય તેમ છે. અંતે દરેક ક્ષેત્રે રોબોટ કાર્યરત કરી ઝડપથી કામ પૂરું કરી શકાય છે.

જો આદર્શ રીતે ઈન્ફર્મેશન ટેકનોલોજીનો યોગ્ય ઉપયોગ એગ્રીકલ્ચર ઇન્ડસ્ટ્રીમાં કરવામાં આવે તો આપણો ખેડૂત રોબોટ દ્વારા બહુ જ સરળતાથી એનું કામ ગુણવત્તા સાથે બાંધછોડ કર્યા વિના કરતો હશે.

ઈન્ફર્મેશન ટેકનોલોજીનો ઓટો મોબાઈલ ઇન્ડસ્ટ્રી, બાયો મેડિકલ, નેનો ટેક્નોલોજી ઉપરાંત એજયુકેશન ઈન્ડસ્ટ્રી ફિલ્ડમાં પણ ખૂબ જ ઉપયોગ થઈ શકે છે. આપણે અહીંયા માત્ર અમુક ક્ષેત્રનો જ ઉલ્લેખ કર્યો છે. પરંતુ ઈન્ફર્મેશન ટેક્નોલોજી દરેક જગ્યાએ ભવિષ્યમાં ઉપયોગી નીવડી શકે તેમ છે.

## કોમ્પ્યુટર એન્જિનિયરિંગ ક્યારેય મંદી નહીં આવે એવું ક્ષેત્ર

વિદેશોમાં વર્ષોથી કોમ્પ્યુટરનો ઉપયોગ શરૂ થયો છે. પરંતુ ભારતમાં હજુ જોઇએ તેટલો ઉપયોગ કરાતો નથી. દુનિયામાં જેટલા કોમ્પ્યુટર એન્જિનિયરોની જરૂર છે તેના કરતાં ચોથા ભાગના પણ બહાર પડતા નથી. મોટાભાગના લોકો કોમ્પ્યુટર એટલે કે પી.સી. અને મોનીટર એવું માનતાં હોય છે. પરંતુ કોમ્પ્યુટરનો અર્થ અને ઉપયોગ વિશાળ છે.

દુનિયાની કોઈપણ સ્વયં સંચાલિત વસ્તુ કોમ્પ્યુટર વિના શકય નથી. ગુજરાતમાં બે વર્ષ પહેલા ડિગ્રી એન્જિનિયરિંગમાં પ્રવેશ લેવા ઈચ્છતાં વિદ્યાર્થીઓ મોટાભાગે કોમ્પ્યુટર બ્રાન્ચ પર જ પસંદગી ઉતારતાં હતા. પરંતુ વચ્ચેના સમયમાં મંદીના કારણે કોમ્પ્યુટર એન્જિનિયરિંગમાં ડિમાન્ડ ઓછી થઈ હતી.

ફરીવાર હવે કોમ્પ્યુટર બ્રાન્ચ હોટ ફેવરિટ બનતી જાય છે. કોમ્પ્યુટર ઇજનેરી ક્ષેત્ર સાથે સંકળાયેલા તજજ્ઞો માને છે કે આગામી ૨૦ વર્ષ સુધી કોમ્પ્યુટર બ્રાન્ચ પસંદ કરનારા વિદ્યાર્થીઓને કોઈ મુશ્કેલી આવે તેમ નથી. કારણ કે ભારતમાં હજુ તેનો પૂરતો ઉપયોગ જ શરૂ થયો નથી. આ સિવાય વિદેશમાં તો દિનપ્રતિદિન કોમ્પ્યુટરની ડિમાન્ડ વધતી જાય છે.

કોમ્પ્યુટર બ્રાન્ચનું વર્તમાન તાજેતરમાં ફેસબુક અને માઈક્રોસોફટના એક્સપર્ટની ચર્ચામાં એવી વિગતો બહાર આવી હતી કે દુનિયામાં ચાર લાખ કોમ્પ્યુટર પ્રોગ્રામરોની જરૂરિયાત સામે માત્ર એક લાખ મળે છે. ભવિષ્યમાં તકો સતત વધતી રહેવાની છે. કોમ્પ્યુટર ઇજનેર બન્યા બાદ વિદ્યાર્થીઓ કોઇપણ આઇઆઇટી કે અન્ય સંસ્થાઓમાં પ્રવેશ લઇને એમ.ટેક અને પછી પી.એચડી સુધીનો અભ્યાસ કરી શકે છે.

કોમ્પ્યુટરમાં બે રીતે વિદ્યાર્થીઓ આગળ વધી શકે છે એક તો રિસર્ચ પ્રોગ્રામિંગ અને નેટવર્કિંગ એન્જિનિયરિંગ. અભ્યાસ પૂરો કર્યા પછી માઈક્રોસોફટ, ઓરેકલ, ગુગલ, ફેસબુક, ફલીપકાર્ડ, એમેઝોન સહિતની મલ્ટિનેશનલ કંપનીઓમાં સારા પગારથી નોકરીઓ મેળવી શકે છે. અભ્યાસ પછી વિદ્યાર્થીઓ વ્યકિતગત અથવા તો એક કરતાં વધુ વિદ્યાર્થીઓ ભેગા મળીને બિઝનેસ પણ શરૂ કરી શકે છે.

કોમ્પ્યુટર બ્રાન્ચનું ભવિષ્ય ભારતમાં હજુ પણ મોટાભાગના લોકો કોમ્પ્યુટર એટલે કે ઘરમાં પડેલું પી.સી. અને મોનિટર એવો અર્થ કરે છે. પરંતુ દુનિયામાં ચાલતી તમામ ઓટોમેટિક વસ્તુ એટલે કે સ્વયંસંચાલિત



વસ્તુઓમાં કોમ્પ્યુટરની જરૂર પડે છે. ન્યૂક્લિયર રિએક્ટર સહિતની પ્લાન્ટોમાં માઈક્રો કોમ્પ્યુટરની જરૂર પડતી હોય છે.

આપણા દેશમાં કોમ્પ્યુટરનો ઉપયોગ જેટલો થવો જોઈએ તેટલો થયો નથી. જેના કારણે કોમ્પ્યુટર બ્રાન્ચનું ભવિષ્ય ઉજ્જવળ છે અને રહેશે. વિદેશમાં હાલ તમામ ચીજવસ્તુઓ ઉપરાંત રોજબરોજનું જીવન કોમ્પ્યુટર પર આધારિત છે. આપણે ત્યાં પણ ભવિષ્યમાં આ સિસ્ટમ લાગુ થાય તેવી શકયતા હોવાના કારણે વધુને વધુ કોમ્પ્યુટર એન્જિનિયરોની જરૂરિયાત ભી થાય તેમ છે.

હાલમાં ધો.૧૨ પાસ કરીને ડિગ્રી ઇજનેરીમાં પ્રવેશ માટે તૈયાર થતાં વિદ્યાર્થીઓએ કોઇપણ પ્રકારની મુંઝવણ વિના અને કોમ્પ્યુટરના ભવિષ્યની ચિંતા કર્યા વિના આ બ્રાન્ચની પસંદગી કરી શકે છે.

email : shikshansarvada@gmail.com

its all about EDUCATION

FREE FOOD • FREE EDUCATION • FREE MEDICINE

# શિક્ષણ સર્વદા

# ૧૬ થી ૩૦ જુન ૨૦૧૭

શિક્ષણ સર્વદા બ્રાંચ ઓફિસ : સાંઇ કોર્પોરેશન, સુબોધ બેકરી સામે, એલ.આઇ.સી. ક્વાટર્સ પાસે, ટીમલીયાવાડ, સુરત. ટેલીફેક્સ : ૦૯૮૨૫૩-૪૪૯૪૪

## વિદ્યાર્થીઓને કારકિર્દીની માહિતી આપવાનો શ્રેષ્ઠ સમય છે, સંપર્ક કરો

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેન્ટ્રલ બોર્ડ, આઇસીએસઇ બોર્ડ વગેરે બોર્ડની ધો.૧૦ તેમજ ધો.૧૨ની પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓને કારકિર્દી માર્ગદર્શન પૂરું પાડવાનો સૌથી શ્રેષ્ઠ સમયગાળો હાલ ચાલી રહયો છે. વિદ્યાર્થીને એ પરિસ્થિતિનો ખ્યાલ આવે કે તેણે જે અભ્યાસક્રમ તરફ જવું છે અથવા જેમાં જવા માટે તે વિચારી રહયો છે તેમાં પ્રવેશ માટે કઇ કઇ પ્રવેશ પરીક્ષા આપવી પડે અને તેમાં કેવા પ્રકારનું મેરિટ અથવા પરીણામ જોઇએ. આ તમામ માહિતીઓ શિક્ષણ સર્વદાનો કારકિર્દી માર્ગદર્શન સેમિનાર રાખવા હોય તેમણે તાત્કાલિક પોતાની અનુકૂળ તારીખ નક્કી કરીને શિક્ષણ સર્વદાના હેલ્પલાઇન નં.૯૮૨૫૩-૪૪૯૪૪ પર જાણ કરવી. જેથી કરીને દરેક શાળા અનુસાર યોગ્ય તારીખે સેમિનાર યોજી શકાય. આ સેમિનાર ચાર્જેબલ છે.

એક એવું પુસ્તક જે ધો.૯, ૧૦, ૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓને કારકિર્દી ઘડતરમાં ઉપયોગી નિવડે છે

શિક્ષણ સર્વદા
કારકિર્દી બુક




તમને ખબર છે કંપની સેક્રેટરી, કોસ્ટ એન્ડ મેનેજમેન્ટ અકાઉન્ટન્સી, ઇન્ટિરીયર ડિઝાઇન, બીબીએ, બીસીએ, એમ.એ. એચ.આર.ડી., ફાઇન આર્ટસ BBA, BCA, CS, HRD, BID, CMA, Fine Arts, Performing Arts, Sanitary Inspection વગેરેમાં ધો.૧૨ સાયન્સ, કોમર્સ અને આર્ટસ ત્રણેયના વિદ્યાર્થીઓ પ્રવેશપાત્ર છે?

ઉપરોક્ત વિગતો એક જ સંપુટમાં ઉપલબ્ધ અને એ સંપુટનું નામ શિક્ષણ સર્વદા કારકિર્દી પુસ્તક-૨૦૧૭

આપની શાળા, સમાજ, સોસાયટી, ક્લબ, મંડળ, સંગઠનના વિદ્યાર્થીઓ માટે આજે જ નકલની વ્યવસ્થા કરો

સંપર્ક : +91 98253 44944, 94266 44944
મેઇલ : jbsurat9@gmail.com

## સેપ્ટને રાજય બહારના ૫૦ ટકા વિદ્યાર્થીઓ ભરવાની મંજૂરી

સેપ્ટ યુનિવર્સિટીએ આખરે ગુજરાત બહારથી ૫૦ ટકા વિદ્યાર્થીઓની સીટ ભરવાની મંજૂરી મેળવી લીધી છે. જે મુજબ બેચલર ઓફ આર્કિટેક્ચર, બેચલર ઓફ ઈન્ટેરીયર ડિઝાઇન અને બેચલર ફોર કન્સ્ટ્રક્શન ટેક્નોલોજી પ્રોગ્રામમાં ગુજરાત બહારની યુનિવર્સિટીમાંથી ૫૦ ટકા સીટ ભરવામાં આવશે.

સેપ્ટ યુનિવર્સિટીના આ ત્રણે અભ્યાસક્રમ ગુજરાત પ્રોફેશનલ ટેકનિકલ એજયુકેશનલ કોલેજીસ ઓર ઈન્સ્ટિટ્યુટ એક્ટ ૨૦૦૭ અંર્તગત આવતા હતા. પરંતુ છેલ્લા કેટલાક વખતથી સેપ્ટ યુનિવર્સિટી ગુજરાત બહારના વિદ્યાર્થીઓની સંખ્યા વધારવાનો પ્રયત્ન કરી રહી હતી. તેથી ૨૦૧૪માં આ સંખ્યા ૧૦ ટકા એટલે કે ૪ સીટથી વધારીને ૨૫ ટકા એટલે કે ૧૨ સીટની કરવામાં આવી હતી. વર્ષ ૨૦૧૬માં સેપ્ટ યુનિવર્સિટી સંપૂર્ણપણે સ્વાયત્ત યુનિવર્સિટી બની ગયા પછી હવે રાજય સરકારે યુનિવર્સિટીને ગુજરાત બહારના વિદ્યાર્થીઓની સંખ્યા ૫૦ ટકા સુધી વધારવાની મંજૂરી આપી દીધી છે. જેમાં

### રાજય સરકારની મંજૂરીથી ગુજરાતના વિદ્યાર્થીઓને શું નુકસાન નહીં થાય?

ગુજરાત બહારની સીટ ૧૨થી વધારીને ૪૦ કરી દેવામાં આવી છે.

ગુજરાતના પ્રીમિયર ઈન્સ્ટિટ્યુટ્સમાં સેપ્ટ યુનિવર્સિટી એવી હતી, જેમાં ગુજરાતી વિદ્યાર્થીઓની સંખ્યા સૌથી વધુ રહેતી, પરંતુ આ નિર્ણયથી ગુજરાતના સ્થાનિક વિદ્યાર્થીઓને નુકસાન જવાની શક્યતા વધી છે. જો કે, આ બાબતે જવાબ આપતા સેપ્ટના રજિસ્ટ્રાર અનિતા હિરનંદાનીએ જણાવ્યું છે કે, ‘ આ નિર્ણયથી ગુજરાતના બીજા એજયુકેશનલ બોર્ડમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે પણ તકો વધશે, અને વિદ્યાર્થી વૈવિધ્ય વધશે.આ મુદ્દે સેપ્ટ યુનિવર્સિટીના ડિરેક્ટર બીમલ પટેલે જણાવ્યું હતું કે, ‘વિદ્યાર્થીઓનું વૈવિધ્ય વધવાથી વિદ્યાર્થીઓ વિવિધ પાસાઓનું જ્ઞાન મેળવી શકશે. દેશની શ્રેષ્ઠ યુનિવર્સિટીઓમાં આ પ્રવેશ પદ્ધતિ છે જ, તે તરફ આગળ વધતા અમે આનંદ અનુભવીએ છીએ, તેનાથી ગુજરાત બહારના ગુજરાતી વિદ્યાર્થીઓ અને ગુજરાત બોર્ડ સિવાયના વિદ્યાર્થીઓ માટે તકો વધશે.

## ૨ ચોટલા ન વાળવાની શિક્ષા : ૫મા ધોરણની છોકરીને એક પિરિયડ ઉઠ-બેસ કરાવવામાં આવી

ગુજરાતમાં નવું શૈક્ષણિક સત્ર શરૂ થતાંની સાથે જ અમદાવાદમાં એક આંચકારૂપ ઘટના બની છે. ગઈ કાલે અમદાવાદની એક સ્કૂલમાં માથામાં ફોડલો થયો હોવાથી બે ચોટલા વાળીને સ્કૂલ ન ગયેલી એક વિદ્યાર્થિનીને એક પિરિયડ સુધી ઠબેસ કરવાની સજા કરવાથી હાથપગમાં તકલીફ થતાં તેને હૉસ્પિટલમાં ઍડ્મિટ કરવી પડી હતી.

મણિનગરમાં આવેલી લલિતા ગ્રીન લૉન્સ સ્કૂલમાં ગઈ કાલે પાંચમા ધોરણમાં ભણતી વિદ્યાર્થિની એક ચોટલો વાળીને ગઈ હતી. સ્કૂલના નિયમ પ્રમાણે ગર્લ સ્ટુડન્ટે બે ચોટલા વાળીને સ્કૂલમાં આવવાનું હોય છે. આ સ્ટુડન્ટ એક ચોટલો વાળીને સ્કૂલ ગઈ હોવાથી ક્લાસમાં તેના ટીચરે તેને સજારૂપે ઠબેસ કરાવી હતી. સતત ઠબેસ કરવાને કારણે સ્ટુડન્ટને હાથ અને પગમાં ખૂબ તકલીફ થઈ હતી અને તે ઘરે જતી વખતે રડી પડી હતી. જોકે તેને તાત્કાલિક હૉસ્પિટલમાં લઈ જવી પડી હતી. આ સ્ટુડન્ટના પપ્પા પ્રવીણ પ્રજાપતિએ આક્ષેપ કરતાં મીડિયા સમક્ષ કહ્યું હતું કે ‘મારી દીકરીને ગરમીને લીધે માથામાં ફોડલો થયો હતો એટલે તેને એક ચોટલો વાળીને મોકલી હતી, પરંતુ સ્કૂલમાં મારી દીકરીને આખા એક પિરિયડ સુધી ઠબેસ કરાવી એને કારણે તેના હાથપગમાં સોજા આવી ગયા હતા. તે સતત રડતી હતી અને પડી ગઈ હતી. તેને હૉસ્પિટલમાં ઍડ્મિટ કરવામાં આવી છે. આ બાબતે સ્કૂલમાં જઈને રજૂઆત કરી હતી, પરંતુ સ્કૂલવાળા કહે છે કે ડિસિપ્લિનને કારણે આમ કર્યું છે. સ્કૂલવાળા છોકરાઓને ભલે સજા કરે પણ એવી સજા ન કરે જેથી તેમને સ્કૂલમાં જતાં બીક લાગે.

SHIKSHAN SARVADA : Year : 10, Issue: 255, Owner, Publisher & Printer : Ashok Randeria has published from 101, Rudraksh Residency, Opp. Janki Row House, Near Jalarambapa Temple, L.P. Savani School Road, Adajan, SURAT. Ph : 0261-2747440 and printed at Jagdish Printers, 10/537, Narayan Krupa apartment, Gajjar Sheri, Opp. B.O.B., Soni Falia Main Road, SURAT. RNI Regn. No. GUJ/2006/20048.